dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 45 | AD - 2025, Kartak Vad-13 | Tuesday, Dt.18-11-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


## ઢાકામાં નિર્દોષ લોકો પર ગોળીબાર કરવા બદલ બાંગ્લાદેશની આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલતે ચુકાદો સંભળાવ્યો

# બાંગ્લાદેશના પૂર્વ પીએમ શેખ હસીનાને મૃત્યુદંડની સજા

ઢાકા,તા.૧૭

બાંગ્લાદેશની આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલતે શેખ હસીના વિરુદ્ધ પોતાનો ચુકાદો જારી કર્યો છે. કોર્ટે તેમને જુલાઈના બળવા માટે દોષિત ઠેરવ્યા છે અને મૃત્યુદંડની સજા ફટકારી છે. હસીના પર જુલાઈના બળવા દરમિયાન નિઃશસ્ત્ર નાગરિકો પર ગોળીબાર કરવાનો આદેશ આપવાનો આરોપ છે. આ કોર્ટનો નિર્ણય હસીનાની મુશ્કેલીઓ વધારી શકે છે. શેખ હસીનાને બાંગ્લાદેશમાં મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી છે. તેમને માનવતા વિરુદ્ધના ગુનાઓમાં દોષિત ઠેરવવામાં આવ્યા છે. બાંગ્લાદેશના આંતરરાષ્ટ્રીય ગુના ટ્રિબ્યુનલમાં સુનાવણી દરમિયાન તેમને દોષી ઠેરવવામાં આવ્યા હતા. શેખ હસીના સામે ટ્રાયલ તેમની ગેરહાજરીમાં ચાલી રહી છે. આ ટ્રાયલ ગયા વર્ષના વિદ્યાર્થી-નેતૃત્વ હેઠળના આંદોલન દરમિયાન માનવતા વિરુદ્ધના કથિત ગુનાઓ માટે છે. આ આંદોલનને કારણે શેખ હસીનાની સરકારનું પતન થયું અને તેમને દેશ છોડીને ભાગી જવું પડ્યું. દરમિયાન, સજાની સુનાવણી દરમિયાન બાંગ્લાદેશમાં મોટા પાયે હિંસા ફાટી નીકળી છે, જેના કારણે યુનુસ સરકાર એલર્ટ પર છે. બાંગ્લાદેશ છોડ્યા બાદ શેખ હસીના ભારતમાં છે. બાંગ્લાદેશી મીડિયા પ્રમાણે કોર્ટે ચુકાદો આપવા સમયે હસીનાનો તે ઓડિયો જાહેર કર્યો, જે બાંગ્લાદેશમાં ખૂબ વાયરલ થયો હતો. આ ઓડિયોમાં હસીના પોલીસ પ્રમુખને લોકો પર ગોળીબાર કરવા માટે કહી રહ્યા છે. કોર્ટે ચુકાદો



આપવા સમયે માનવાધિકાર પંચના રિપોર્ટનો પણ ઉલ્લેખ કર્યો છે. કોર્ટે ઠરાવ્યું કે જુલાઈમાં બળવા દરમિયાન થયેલા મૃત્યુ માટે શેખ હસીના સંપૂર્ણપણે જવાબદાર હતી. કોર્ટે ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરાયેલા પુરાવા પણ રજૂ કર્યા. આઈસીટીએ શેખ હસીના વિરુદ્ધ ૪૫૮ પાનાનો ચુકાદો આપ્યો. ચુકાદામાં કહેવામાં આવ્યું હતું કે હસીના જાન્યુઆરી ૨૦૨૪ થી સરમુખત્યાર બનવા તરફ આગળ વધી રહી હતી. તેમણે જાન્યુઆરી ૨૦૨૪ની ચૂંટણીમાં વિપક્ષને કચડી નાખ્યો. ત્યારબાદ, જ્યારે વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતર્યા, ત્યારે તેમણે તેમના પર ગોળીબાર કરવાનો આદેશ આપ્યો. બાંગ્લાદેશી મીડિયા અનુસાર, ચુકાદો આપતી વખતે, કોર્ટે હસીનાનો ઓડિયો પણ જાહેર કર્યો હતો, જે બાંગ્લાદેશમાં વાયરલ થયો હતો. આ ઓડિયોમાં, હસીના પોલીસ વડાને લોકો પર ગોળીબાર કરવાનું કહેતી જોવા મળે છે. કોર્ટે ચુકાદો આપતી વખતે માનવાધિકાર આયોગના અહેવાલનો પણ ઉલ્લેખ કર્યો હતો. કોર્ટે ઠરાવ્યું કે જુલાઈના બળવા દરમિયાન થયેલા મૃત્યુ માટે શેખ હસીના સંપૂર્ણપણે જવાબદાર હતી. કોર્ટે ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરાયેલા પુરાવા પણ રજૂ કર્યા. આઈસીટીએ શેખ હસીના વિરુદ્ધ ૪૫૮ પાનાનો ચુકાદો જારી કર્યો છે. ચુકાદામાં કહેવામાં આવ્યું છે કે હસીના જાન્યુઆરી ૨૦૨૪ થી સરમુખત્યાર બનવાની તૈયારીમાં હતી. જાન્યુઆરી ૨૦૨૪ ની ચૂંટણીમાં તેણીએ વિરોધને કચડી નાખ્યો. ત્યારબાદ, જ્યારે વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતર્યા, ત્યારે તેણીએ ગોળીબારનો આદેશ આપ્યો. બાંગ્લાદેશ સરકારે જુલાઈમાં થયેલા બળવાખોરી હત્યા કેસમાં પદભ્રષ્ટ વડાપ્રધાન શેખ હસીના, ભૂતપૂર્વ ગૃહ પ્રધાન અસદુઝ્ઝમાન ખાન કમાલ અને ભૂતપૂર્વ પોલીસ મહાનિરીક્ષક ચૌધરી અબ્દુલ્લા અલ-મામુન પર આરોપ મૂક્યા હતા.

# અમારા માટે આતંકવાદીઓ અને આતંકવાદના માસ્ટર સમાન : આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૭

આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ આતંકવાદ અંગે એક મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, અમારા માટે, આતંકવાદીઓ અને આતંકવાદના માસ્ટર સમાન છે. અમે આતંકવાદને પ્રોત્સાહન આપનારા કોઈપણને જવાબ આપીશું. તેમણે ઓપરેશન સિંદૂર અને પાકિસ્તાન અંગે પણ નિવેદન આપ્યું અને ચાણક્ય સંરક્ષણ સંવાદમાં બોલ્યા. તેમણે કહ્યું, સિંદૂર ૨ એક નવી ચેતવણી છે. પાણી અને લોહી એકસાથે ચાલી શકતા નથી. જો તમે અમને બ્લેકમેલ કરશો, તો અમે



શાંતિથી બેસીશું નહીં. ફિલ્મ હજુ શરૂ પણ થઈ નથી, અને અમને ૮૮ કલાકમાં સમજાવવામાં આવ્યા હતા.

તેમણે કહ્યું, આ પાકિસ્તાન માટે એક મોટો પડકાર રહેશે. અમે કહી રહ્યા છીએ કે તમારે શાંતિ પ્રક્રિયા અપનાવવી જોઈએ. જો તમે અમને બ્લેકમેલ કરવા માંગતા હો, તો ભારત કોઈપણ બ્લેકમેલથી ડરશે નહીં. આ (ઓપરેશન સિંદૂર) ફક્ત એક ટ્રેલર હતું, જે ૮૮ કલાકમાં સમાપ્ત થયું. દરેક સ્તરે સમયસર કાર્યવાહી કરવી જોઈએ. જેટલું વહેલું એકીકરણ થશે, તેટલું જલ્દી આપણે જવાબ આપી શકીશું.

સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ કહ્યું કે છેલ્લા એક વર્ષમાં ઘણો ફેરફાર અને સુધારો થયો છે. બંને દેશોના નેતાઓએ વાત કરી છે. ગયા વર્ષે ૧ ઓક્ટોબરથી ઘણા સુધારા થયા છે. આપણે યુદ્ધમાં ઘટાડો શોધવો પડશે. જ્યારે સંરક્ષણ પ્રધાને ત્યાં મુલાકાત લીધી ત્યારે તેમણે કહ્યું કે આપણે નક્કી કરવું જોઈએ કે બરફ ઓગળવો જોઈએ કે નહીં. બંને સંમત થયા કે સરહદ પર વધુ વાતચીત ફાયદાકારક રહેશે.

સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ કહ્યું કે જમ્મુ અને કાશ્મીરના લોકો ભારતના દરેક ખૂણામાં જઈને ત્યાં કામ કરવા માંગે છે. દેશના લોકો જમ્મુ અને કાશ્મીર સાથે જોડાવા માંગે છે. ત્યાંની પરિસ્થિતિ જોઈને જે લોકો ત્યાંથી ચાલ્યા ગયા હતા તેઓ પણ પાછા ફરવા માંગે છે અને પોતાની જવાબદારીઓ નિભાવવા માંગે છે.

## બિહારમાં નવી સરકાર બનાવવાની કવાયત તેજ

# નીતિશકુમાર આવતીકાલે વર્તમાન વિધાનસભા ભંગ કરવાનો રાજ્યપાલ સમક્ષ પ્રસ્તાવ મુકશે

(એચ.એસ.એલ),પટણા,તા.૧૭

બિહારમાં નવી સરકાર બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું ભરતા, બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર સોમવારે રાજભવન ખાતે રાજ્યપાલ આરિફ મોહમ્મદ ખાનને મળ્યા હતા. જદયુ નેતા વિજય ચૌધરીએ જણાવ્યું કે મુખ્યમંત્રી રાજ્યપાલને મળ્યા અને તેમણે ત્રણ પ્રસ્તાવ રજૂ કર્યા. પહેલો પ્રસ્તાવ ૧૯મી તારીખથી વર્તમાન વિધાનસભા ભંગ કરવાનો છે. બીજો પ્રસ્તાવઃ



મુખ્ય સચિવ અને બિહારના તમામ અધિકારીઓને તેમના કાર્યકાળ દરમિયાન સમર્થન આપવા બદલ પ્રશંસા કરવામાં આવી છે. ત્રીજો પ્રસ્તાવઃ બધા મંત્રીઓએ મુખ્યમંત્રીને અભિનંદન આપ્યા છે અને વર્તમાન ચૂંટણીઓમાં નીતિશ કુમારના નેતૃત્વમાં NDAની સફળતા બદલ આભાર વ્યક્ત કર્યો છે.

હકીકતમાં, સોમવારે વિદાય લેતા મંત્રીમંડળની અંતિમ બેઠક પણ બોલાવવામાં આવી હતી. નીતિશ કુમારે આ મંત્રીમંડળની અધ્યક્ષતા કરી હતી. મંત્રીમંડળની બેઠક પછી, નીતિશ કુમાર રાજભવન પહોંચ્યા અને રાજ્યપાલ સાથે મુલાકાત કરી. આ પછી, નીતિશ કુમાર રાજભવન છોડીને સીધા મુખ્યમંત્રી નિવાસસ્થાનની અંદર ગયા. નોંધનીય છે કે ભાજપ અને જેડીયુ વિધાનસભા પક્ષોની બેઠક થશે, જેમાં નીતિશ કુમારને ધારાસભ્ય પક્ષના નેતા તરીકે ચૂંટવામાં આવશે. આ અંગે તમામ પક્ષો સર્વસંમતિ પર પહોંચ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, બિહારમાં શપથ ગ્રહણ સમારોહ ૨૦ નવેમ્બરે યોજાવાનો છે.






# તેલંગાણાના સ્પીકરે પોતે નક્કી કરવું જોઈએ કે તેઓ નવું વર્ષ ક્યાં ઉજવવા માંગે છે : સીજેઆઈ ગવઈ



(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૭

સુપ્રીમ કોર્ટના સીજેઆઈ બી. આર. ગવઈએ નિવૃત્તિ પહેલા કડક વલણ અપનાવ્યું છે. તેલંગાણા બીઆરએસ ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવાના કેસની સુનાવણી કરતી વખતે, ગવઈએ કહ્યું કે સ્પીકરે પોતે નક્કી કરવું જોઈએ કે તેઓ નવું વર્ષ ક્યાં ઉજવવા માંગે છે. ગવઈએ કહ્યું કે ગેરલાયક ઠેરવવામાં આવેલા ધારાસભ્યો પર નિર્ણય આવતા અઠવાડિયામાં લેવો જોઈએ, નહીં તો સ્પીકરે તિરસ્કાર માટે તૈયાર રહેવું જોઈએ. આ ટિપ્પણી સાથે, સુપ્રીમ કોર્ટે સ્પીકરને તિરસ્કાર નોટિસ જારી કરી. સુપ્રીમ કોર્ટે નિર્ણયમાં વિલંબને ઘોર તિરસ્કાર ગણાવ્યો. CJI ગવઈનો કાર્યકાળ હવે ૨૪ નવેમ્બર સુધીનો છે.

સીજેઆઈએ કહ્યું, અમે પહેલાથી જ એવું માન્યું છે કે સ્પીકરને કોઈ બંધારણીય રક્ષણ નથી. બીઆરએસ નેતા કેટીઆર દ્વારા દાખલ કરાયેલી તિરસ્કાર અરજીની સુનાવણી કરતી વખતે ચીફ જસ્ટિસ બી.આર. ગવઈએ આ સનસનાટીભરી ટિપ્પણી કરી. કેટીઆરએ ત્રણ મહિનાની સમયમર્યાદા પૂરી થયા પછી સ્પીકર સામે તિરસ્કાર અરજી દાખલ કરી. બીઆરએસ ધારાસભ્યો કોંગ્રેસમાં જોડાયા ત્યારથી તેમના સભ્યપદ અંગેનો નિર્ણય સ્પીકર પાસે પેન્ડિંગ છે. સ્પીકરની ઓફિસે સમયમર્યાદા લંબાવવાની માંગ કરતી બીજી અરજી દાખલ કરી. મુખ્ય ન્યાયાધીશની બેન્ચે બંને અરજીઓ એકસાથે સાંભળી. નોંધનીય છે કે ગયા અઠવાડિયે, કોલકાતા હાઈકોર્ટે ભાજપના ધારાસભ્ય મુકુલ રોયને ટીએમસીમાં જોડાવા બદલ ગેરલાયક ઠેરવ્યા હતા. ૩૧ જુલાઈના રોજ, મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈની આગેવાની હેઠળની સુપ્રીમ કોર્ટની બેન્ચે વિધાનસભાના સ્પીકરને ભારત રાષ્ટ્ર સમિતિના ૧૦ ધારાસભ્યોની ગેરલાયકાતના કેસમાં ત્રણ મહિનામાં નિર્ણય લેવાનો નિર્દેશ આપ્યો.










**નેશનલ હાઈ-વે ઓથોરિટીની નબળી કામગીરીથી વાહનચાલકોમાં આક્રોશ**

# બગસરાથી બાબાપુર ગામ સુધી મસમોટા ખાડાઓથી વાહનચાલકો ત્રાહિમામ

બગસરા,તા.૧૭

બગસરાથી બાબાપુર રોડ સુધી મસમોટા ખાડાઓ હોવાથી વાહનચાલકોને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. જયારે ગાવકડા ગામ નજીક હાઈવે પર થીંગડા મારવાનું કામ શરૂ કરવામાં આવતા વાહનચાલકોને આંશિક રાહત થઈ છે.



બગસરાથી અમરેલી જવાનો માર્ગ બિસ્માર બની જતા વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. જેમાં ખાસ કરીને બગસરા ગામથી બાબાપુર સુધી માર્ગ પર મસમોટા ખાડાઓ હોવાથી વાહનચાલકોને વાહન ક્યાં ચલાવવુ તે એક પ્રશ્ન છે. હાઈવે ઓથોરિટીને વારંવાર રજૂઆત કર્યા બાદ ગાવડકા ગામ પાસે રોડ પર થીંગડા મારવાનું કામ ચાલુ છે તો જાળીયા ગામના પાટીયા પાસે હાઈવે પર પુલ બનાવવાનું ગોકળગાય ગતિએ કામ ચાલુ હોવાથી વાહનચાલકોમાં રોષ ફેલાયો છે. જયાં સુધી માર્ગનું નવીનીકરણ કરવામાં ન આવે ત્યાં સુધી બગસરાથી બાબાપુર સુધીના માર્ગ પર થીંગડા મારવામાં આવે તેવી વાહનચાલકો માંગ કરી રહ્યાં છે. આ અંગે ડેપ્યુટી એક્ઝિક્યુટીવ એન્જિનિયરને પુછવામાં આવતા તેમણે જણાવ્યું હતું કે, ટ્રેકટરમાં ડામર ભરી ખાડા બૂરવાનું કામ શરૂ કરવામાં આવ્યુ છે પરંતુ આ માર્ગ પર કોઈ ખાડાઓ બૂરવામાં ન આવ્યા હોવાનું ગ્રામજનો જણાવી રહ્યાં છે. આમ, ડેપ્યુટી એક્ઝિક્યુટીવ એન્જિનિયરને પણ ખાડાઓ બૂરવામાં આવે છે કે નહી તેની કોઈ જ માહિતી ન હોવાનું સામે આવ્યું છે.

# ડ્રીપ ઈરીગેશન માટે પાણી સંગ્રહ ટાંકા બનાવવા ખેડૂતોને મહત્તમ રૂ. ૭૫,૦૦૦ સહાય

અમરેલી, તા.૧૭

રાજ્ય સરકાર દ્વારા ડ્રીપ ઈરીગેશન માટે પાણી સંગ્રહના ટાંકા બનાવવા સહાયક યોજનાનું અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. આ યોજના હેઠળ, સામાન્ય ખેડૂતને ૫૦% ખર્ચ પર મહત્તમ રૂ. ૫૦,૦૦૦ અને અનુસૂચિત જાતિ/જનજાતિના ખેડૂતને ૭૫% ખર્ચ પર મહત્તમ રૂ. ૭૫,૦૦૦ સહાય આપવામાં આવી રહી છે. આ યોજના સિમેન્ટેડ પાકા પાણીના ટાંકા અને ડ્રીપ સેટ સહિત હાથ ધરવામાં આવશે. ખેડૂતોએ ×મારી યોજના પોર્ટલ× પર ઓનલાઈન અરજી કરવી પડશે, જેમાં ૭/૧૨નો દાખલો, આધાર કાર્ડ, જાતિ પ્રમાણપત્ર, બેંક પાસબુક/રદ ચેક સહિત જરૂરી દસ્તાવેજો રજૂ કરવાના રહેશે. આ યોજના ખાસ કરીને અમરેલી જિલ્લાના બાગાયત ખેડૂતોને ટપક સિંચાઈ પદ્ધતિથી વધુ સુગમ પિયત માટે લાભ લેવા માટે એક મોટો અવસર છે. વધુ માહિતી માટે ખેડૂતો નાયબ બાગાયત નિયામકની કચેરીનો સંપર્ક કરી શકશે.

# અમરેલીમાં વક્ફ અને SIR અંગે સેમિનાર યોજાયો: વક્ફ મિલકતોને 'ઉમ્મીદ પોર્ટલ' પર અપલોડ કરવા અને મતદારયાદી સુધારણા અંગે માર્ગદર્શન

અમરેલી, તા.૧૭

અમરેલીમાં આવેલ દારૂલ ઉલમ મહેબુબિયા ખાતે અમરેલી સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા વક્ફ અને SIR અંગે એક મહત્ત્વપૂર્ણ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતમાં મુસ્લિમની જે મિલકતો વક્ફ હેઠળ નોંધાયેલી છે, તેને 'ઉમ્મીદ પોર્ટલ' ઉપર અપલોડ કરવાની કાર્યવાહી



શરૂ હોય, ત્યારે અમદાવાદથી ખાસ વક્ફ બોર્ડમાંથી ટીમ આવીને અમરેલી જિલ્લાના તમામ તાલુકાના જિમ્મેદાર લોકોને ઉમ્મીદ પોર્ટલ ઉપર ઓનલાઈન કેમ ફોર્મ ભરવું અને વક્ફ મિલકતોમાં કોઈ ભૂલચૂક હોય કે સુધારા હોય તે અંગેની વિગતવાર માહિતી આપીને પ્રશ્નોત્તરી કરી હતી. વક્ફ બોર્ડના તોફિકભાઈ શેખ, મુન્શી, મુરતુજાખાન અને નબીલભાઈ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે, હાલમાં ગુજરાતભરમાં SIRની કામગીરી શરૂ હોય ત્યારે અમદાવાદથી આવેલ મુજાહીદભાઈ નફીસે મતદારયાદીની સઘન સુધારણા અંગે સંપૂર્ણ માહિતી આપી હતી.

# અમરેલી માર્કેટિંગ યાર્ડ દ્વારા સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું

અમરેલી, તા.૧૭

અમરેલી માર્કેટિંગ યાર્ડ દ્વારા ગત તા. ૧૬ના રોજ આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન અને નૂતન વર્ષ સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતને આત્મનિર્ભર બનાવવા માટે અને જનજાગૃતિ લાવવા માટે તેમજ સ્વદેશી ઉત્પાદનો પ્રત્યે વિશ્વાસ



અને ગૌરવ વધે તે માટેનો હતો. આ સ્નેહમિલન અને આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન કાર્યક્રમમાં રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા, યાર્ડના પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રા, જિલ્લા ભાજપ મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા, વિજયભાઈ ચોટલીયા તેમજ યાર્ડના ડિરેક્ટરો અને યાર્ડના વેપારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા અને યાર્ડના પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રાએ તમામ વેપારીઓને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી અને આત્મનિર્ભર ભારત પર 'હર ઘર સ્વદેશી ઘર-ઘર સ્વદેશી'નો સંકલ્પ લેવડાવ્યો હતો.

# અનુબંધમ વેબપોર્ટલ દ્વારા ૨૦ નવેમ્બરે અમરેલી જિલ્લા રોજગાર કચેરી ખાતે ભરતી મેળો યોજાશે

અમરેલી, તા.૧૭

અમરેલી જિલ્લામાં ૨૦ નવેમ્બર, ૨૦૨૫ને ગુરુવારે અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતી મેળામાં એઈમ લિમિટેડ ભાવનગર દ્વારા આસિસ્ટન્ટ બ્રાન્ચ મેનેજર (માર્કેટિંગ) અને બ્રાન્ચ મેનેજરની જગ્યા માટે ૧૮થી ૩૫ વર્ષની વય મર્યાદા સાથે ધો. ૧૦, ૧૨ અને સ્નાતક લાયકાત માંગવામાં આવી છે. વધુમાં, એલ.આઈ.સી. અમરેલી દ્વારા એજન્ટની જગ્યા માટે ૧૮થી ૪૦ વર્ષની વય મર્યાદા અને ધો. ૧૨ પાસ લાયકાતની જરૂર છે. ભરતી મેળો સવારે ૧૧ વાગે જિલ્લા રોજગાર કચેરી, અમરેલી ખાતે યોજાશે. ભાગ લેવા માટે આધાર કાર્ડ અને શૈક્ષણિક દસ્તાવેજોની સાથે પોર્ટલ પર નોંધણી કરવી ફરજિયાત છે.

# રાજુલા વિધાનસભા મતવિસ્તારમાં 'સરદાર @ ૧૫૦' અંતર્ગત ૮ કિમીની 'યુનિટી માર્ચ' યોજાઈ

રાજુલા, તા.૧૭

દેશની એકતા અને અખંડિતતાના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિના અવસરે રાજુલા વિધાનસભા મતવિસ્તારમાં 'સરદાર @ ૧૫૦' અંતર્ગત યુનિટી માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. ડો. આંબેડકર સર્કલથી પ્રસ્થાન થયેલી આ પદયાત્રાને BAPS સ્વામિનારાયણ સંસ્થાના સંતોના વરદ હસ્તે લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ યુનિટી માર્ચમાં અમરેલી જિલ્લાના સાંસદ ભરતભાઈ સુતરીયા, કિસાન મોરચાના રાષ્ટ્રીય મંત્રી બાબાભાઈ જેબલીયા, ધારાસભ્ય હીરાભાઈ સોલંકી સહિત ગુજરાત નિયંત્રિત બજાર સંઘના ચેરમેન જીગ્નેશભાઈ પટેલ, ટીંબી માર્કેટ યાર્ડના ચેરમેન ચેતનભાઈ શિયાળ,



રાજુલા તાલુકા પંચાયત પ્રમુખ પ્રતિનિધિ નનકાદાદા, ક્ષત્રિય સમાજ અગ્રણી રવુભાઈ ખુમાણ અને પ્રાંત અધિકારી ડૉ. મેહુલકુમાર બરાસરા સહિતના મહાનુભાવો જોડાયા હતા. રાજુલા શહેર અને તાલુકામાંથી બહોળી સંખ્યામાં નગરજનો જોડાયા હતા. પદયાત્રાનું અલગ અલગ સ્થળોએ બ્રહ્મ સમાજ, આહીર સમાજ, ભરવાડ સમાજ, પટેલ સમાજ, કાઠી ક્ષત્રિય સમાજ અને કોળી સમાજ દ્વારા ઉત્સાહભેર સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. શહીદ ચોક ખાતે સ્કૂલની બાળાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરાયા હતા. કુલ ૮ કિલોમીટર કરતાં વધુ અંતરની આ પદયાત્રાનું

**સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય હીરાભાઈ સોલંકી સહિતના નેતાઓ જોડાયા**

સમાપન બાલક્રિષ્ના સ્કૂલ ખાતે થયું હતું. સમાપન પૂર્વે સ્કૂલના મેદાનમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. બાબાભાઈ જેબલીયા દ્વારા શાબ્દિક પ્રવચન અને સાંસદ ભરતભાઈ સુતરીયા દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

**પ્રાકૃતિક ખેતી સાથે સંકળાયેલા ખેડૂતો પણ ખેતપેદાશની ભેટ આપી દાતાઓનું સન્માન કરશે**

# પાક નુકસાનીની સહાય જાહેર કરનાર બે ખેડૂત દાતાઓનું આજે સન્માન

અમરેલી, તા.૧૭

અમરેલી જિલ્લામાં પડેલા કમોસમી વરસાદને કારણે ખેડૂતોની આર્થિક કમર ભાંગી ગઈ છે. સતત દસ દિવસ સુધી માવઠાએ ખેડૂતોના મોઢે આવેલો કોળિયો છીનવી લીધો છે. જેથી ખેડૂતોને ઉપર આભ અને નીચે ધરતી સિવાય કશું જ બચ્યું નથી ત્યારે સોરઠ ધરતીના ખેડૂતપુત્ર દિનેશભાઈ કુંભાણીએ માદરે વતન બાદલપુર, સાંખડાવદર, સેમરાળા પ્રભાતપુર સહિત ચાર ગામના ખેડૂતોની મદદે આવીને પ્રતિ હેક્ટર રૂ.૧૧,૦૦૦ ની સીધી સહાયની જાહેરાત કરી હતી. આ ઉપરાંત ખેડૂતો માટે આવા કપરા સમયમાં અમરેલી જિલ્લાના જીરા (સીમરણ) ગામના ખેડૂતપુત્ર બાબુભાઈ જીરાવાળાએ જીરા ગામના ખેડૂતો ઉપર ૩૫ વર્ષથી કરજનો બોજ હતો તે સમગ્ર જીરા ગામના ખેડૂતોનું દેવું ભરીને બાબુભાઈએ સમગ્ર રાજ્યમાં દાખલો બેસાડ્યો હતો. જેથી કિસાન પરિવાર સમિતિ અમરેલીના ખેડૂતો દ્વારા બંને દાતાઓનું ભવ્યાતિભવ્ય સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે વધુ વિગતો આપતા પ્રફુલભાઈ સેંજલીયાએ જણાવ્યું હતું કે જ્યારે ખેડૂતો આપત્તિમાં હોય ત્યારે આપણા સૌરાષ્ટ્રના ખેડૂતપુત્રો અને ઉદ્યોગપતિઓ આગળ આવીને ખેડૂતોના સંકટમોચન બન્યા છે. તેથી અમરેલી મુકામે આજે તા.૧૮ ને મંગળવારના રોજ દાદા ભગવાનના મંદિરે લીલીયા રોડ, અમરેલી ખાતે સવારના ૯:૦૦ થી બપોરના ૧:૦૦ વાગ્યા સુધી આ દાતાઓના સન્માન સમારોહનું આયોજન કર્યું છે જેમાં કિસાન પરિવાર સમિતિ દ્વારા દાતાઓનું સન્માન કરાશે. આ ઉપરાંત જિલ્લાભરમાંથી પ્રાકૃતિક ખેતી સાથે સંકળાયેલા ખેડૂતો પણ ખેતપેદાશની ભેટ આપીને બંને દાતાઓનું અદકેરુ સન્માન કરશે. આ સન્માન સમારોહનું આયોજન મનસુખભાઈ કયાડા, મનસુખભાઈ માંગરોળીયા, જે.આર. પટોળીયા સહિત જિલ્લા ભરના ખેડૂતો દ્વારા કરવામાં આવ્યું છે.

# જિલ્લામાં તાર ફેન્સીંગ સહાય માટે ખેડૂતોને દસ્તાવેજો ૩૦ નવેમ્બર સુધીમાં રજૂ કરવા સૂચના

અમરેલી, તા.૧૭

અમરેલી જિલ્લાના તાર ફેન્સીંગ યોજનામાં પૂર્વ મંજૂરી મેળવેલા કુલ ૧૦૧૩ લાભાર્થી ખેડૂતોને નક્કી સમયમર્યાદામાં સહાયના દસ્તાવેજો રજૂ કરવાની સૂચના આપવામાં આવી છે. જિલ્લાના વિસ્તાર અધિકારી (ખેતી) અને ગ્રામસેવકને નિયત ડિઝાઈન તથા સ્પેસિફિકેશન મુજબ ૬૦ દિવસમાં તાર ફેન્સીંગનું કામ પૂર્ણ કરી, જી.એસ.ટી.વાળા અસલ બિલો સહિત જરૂરી દસ્તાવેજો જમા કરાવવાના રહેશે. સરકારના નિયમો પ્રમાણે ૩૦ નવેમ્બર, ૨૦૨૫ સુધી જિલ્લા કચેરીએ ક્લેમ ન પહોંચે તો પૂર્વ મંજૂરી રદ ગણાશે અને અરજી ફાઈલ થશે. આ બાદ કોઈ દાવો માન્ય નહીં ગણાય. ખેડૂતોને સમયસર પ્રક્રિયા પૂર્ણ કરવાની જિલ્લા ખેતીવાડી અધિકારી, અમરેલી દ્વારા અપીલ કરવામાં આવી છે.










# બગસરા બસ સ્ટેશન નજીક શંકાસ્પદ હાલતમાં યુવકનો મૃતદેહ મળ્યો



બગસરા,તા.૧૭

બગસરા મોટા બસ સ્ટેશન નજીક જ એક યુવકનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવતા પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પોલીસે લાશનો કબજો લઈ મૃત્યુનું કારણ જાણવા માટે લાશને એફએસએલ માટે ભાવનગર મોકલી આપી છે ત્યાંથી રિપોર્ટ આવ્યા પછી આકસ્મિક મોત છે કે હત્યા તેની ખબર પડશે. બગસરાના મોટા બસ સ્ટેશન નજીક જ ધીરૂ મોહનભાઈ ખીમસુરીયા(ઉ.વ.૩૧)નો મૃતદેહ પડ્યો હોવાની પોલીસને જાણ કરવામાં આવી હતી જેથી પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને લાશને સૌપ્રથમ બગસરા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જો કે મોઢા પર ઈજાના નિશાન અને નાકમાંથી લોહી નીકળતું હોવાથી પોલીસે તાત્કાલિક મોતનું કારણ જાણવા લાશને ભાવનગર એફએસએલમાં મોકલી આપી છે. હાલ તો પોલીસે મોતની એડી દાખલ કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. હત્યાનું કારણ જાણવા માટે અમરેલી એલસીબી પણ બગસરા દોડી આવી હતી અને જે જગ્યાએથી યુવકનો મૃતદેહ મળ્યો તેની આસપાસના સીસીટીવી ફૂટેજ તપાસવામાં આવી રહ્યા છે. યુવકનું મોત કઈ રીતે થયું તેનો ભાવનગર એફએસએલ રિપોર્ટ આવ્યા બાદ જ ખબર પડશે. હાલ તો યુવકનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવતા સમગ્ર શહેરમાં ચકચાર મચી જવા પામી છે.

**પોલીસે મૃત્યુનું કારણ જાણવા માટે લાશને ભાવનગર એફએસએલમાં મોકલી**

# જીઈબી એન્જીનિયર્સ એસોસિએશન દ્વારા મંત્રી કૌશિક વેકરીયાનો સત્કાર સમારંભ યોજાયો



અમરેલી,તા.૧૭

જીઈબી એન્જીનિયર્સ એસોસિએશન દ્વારા તા. ૧૬/૧૧/૨૦૨૫ના રોજ હોટલ લોર્ડઝ-અમરેલી ખાતે કૌશિકભાઈ વેકરીયા, મંત્રી ઊર્જા અને પેટ્રો કેમિકલ્સ, કાયદો અને ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતોનો સત્કાર સમારંભ યોજવામાં આવેલ હતો. આ તકે સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્યો મહેશભાઈ કસવાલા અને જનકભાઈ તળાવીયા વિશેષ ઉપસ્થિતિ રહેલ હતા. આ ઉપરાંત મેહુલભાઈ ધોરાજીયા, દિપકભાઈ વઘાસીયા, મૈલિકભાઈ ઉપાધ્યાય અને અનિલભાઈ વેકરીયા પણ હાજર રહેલ. કૌશિકભાઈ વેકરીયાએ જીઈબી એન્જીનિયર્સ એસોસિએશનની સોશિયલ એકટીવીટીને બિરદાવી હતી તેમજ ઈજનેરોના પ્રશ્નોના સુખદ નિરાકરણ માટે તત્પરતા સાથે કટીબધ્ધતા દાખવેલ તેમજ આયોજક ટીમને સફળ આયોજન બદલ અભિનંદન પાઠવેલ. જીબીઆ કોર કમિટીમાંથી ગુજરાત ઉર્જા સંયુક્ત સંકલન સમિતિ, કાર્યકારી અધ્યક્ષ બી.એમ. શાહ, ઈન્ચાર્જ સેક્રેટરી જનરલ એચ.જી. વઘાસીયા, એસ.ડી. પટેલ, જનરલ સેક્રેટરી UGVCL કે.બી. ચેધરી, જનરલ સેક્રેટરી DGVCL એ.બી. નાકરાણી અતિથિ વિશેષ તરીકે ખાસ હાજર રહેલ હતા.

# સાવરકુંડલાથી નાથદ્વારાની બસ શરૂ કરવા એસ.ટી. તંત્રને રજૂઆત

સાવરકુંડલા,તા.૧૭

ધારીથી નાથદ્વારા બસ શરૂ થયા બાદ હવે સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના કાર્યાલય અને રાજેનભાઈ વામનભાઈ પારેખ દ્વારા સા.કુંડલાના ડેપો મેનેજરને રજૂઆત કરી છે કે સાવરકુંડલાથી નાથદ્વારા જવા માટે કોઈ બસ સુવિધા નથી અને સાવરકુંડલામાં વૈષ્ણવ સમાજ ખૂબ જ મોટા પ્રમાણમાં વસે છે. હાલમાં ધારીથી નાથદ્વારા જવા માટે એ સ. ટી. બસની સુવિધા શરૂ કરવામાં આવેલ છે જે બસને વાયા સાવરકુંડલા રૂટ શરૂ કરવામાં આવે તો વૈષ્ણવ સમાજમાં ખૂબ જ હર્ષની લાગણી થશે અથવા સાવરકુંડલાથી નાથદ્વારા બસ શરૂ કરવા સાવરકુંડલાના ડેપો મેનેજરને રજૂઆત કરવામાં આવી હતી. ધારાસભ્યના કાર્યાલયથી પત્ર પાઠવ્યા બાદ બસ શરૂ થશે કે કેમ તે જોવાનું રહ્યું.

**ધારાસભ્યના કાર્યાલય દ્વારા ડેપો મેનેજરને પત્ર પાઠવાયો**

# ચલાલા ખાતે જે.વી. કાકડીયાની અધ્યક્ષતામાં ભાજપનું સ્નેહમિલન યોજાયું



ચલાલા,તા.૧૭

આત્મનિર્ભર ભારત અંતર્ગત-સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન ચલાલા ખાતે ધારાસભ્ય જે.વી. કાકડીયાના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું હતું. આ તકે કાર્યક્રમમાં અમરેલી જિલ્લા ભાજપના પ્રમુખ અતુલભાઈ કાનાણી, ધારાસભ્ય જે.વી. કાકડીયા, પ્રદેશ મંત્રી બક્ષીપંચ મોરચા મયુરભાઈ માંજરીયા, દાનમહારાજની જગ્યાના લઘુમહંત પૂજ્ય મહાવીરબાપુ તેમજ ઉદયબાપુ, તથા ભીમનાથ મહાદેવ મંદિર મહંત મયુરબાપુ, મોગલ માનવ સેવા ટ્રસ્ટના પ્રમુખ રાજુભાઈ જાની તેમજ શહેરના વિવિધ સમાજના આગેવાનો, નગરપાલિકાના સભ્યો, શહેર પ્રમુખ જીતુભાઈ કાથરોટીયા, મહામંત્રી અશોકભાઈ ચૌહાણ, ભાજપ અગ્રણી બીચ્છુભાઈ માલા તેમજ ખરીદી વેચાણ સંઘના પ્રમુખ જયંતીભાઈ પાનસુરીયા, મનુભાઈ ધાધલ સહિત ભારતીય જનતા પાર્ટીના આગેવાનો તથા કાર્યકરો, શક્તિ કેન્દ્રના ઈન્ચાર્જ તથા ભારતીય જનતા પાર્ટીના પૂર્વે તમામ મોરચાના હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલામાં ગુજરાતી સાહિત્ય પરિષદનું ૩૫મું જ્ઞાનસત્ર ૧૯થી ૨૧ ડિસેમ્બરે યોજાશે

સાવરકુંડલા, તા.૧૭

સાવરકુંડલામાં વિદ્યાગુરુ ફાઉન્ડેશનના યજમાનપદ હેઠળ ગુજરાતી સાહિત્ય પરિષદનું ૩૫મું જ્ઞાનસત્ર ૧૯થી ૨૧ ડિસેમ્બરે યોજાશે. પ્રથમ દિવસે ઉદ્‌ઘાટન, આવકાર, સંસ્થા પરિચય, પ્રવૃત્તિ અહેવાલ તેમજ પ્રાસંગિક પ્રવચનો રહેશે. બપોર પછીની બેઠકોમાં નિબંધ અને સર્જક વિશેષ કાર્યક્રમ યોજાશે જેમાં રઘુવીર ચૌધરી, ઉદયન ઠાકર, મીનલ દવે, ગુલમહમ્મદ શેખ, મયુર ખાવડુ સહિતના સર્જકો હાજરી આપશે. ૨૦ ડિસેમ્બરે 'સાહિત્યનું સરવૈયું' સત્રમાં પીનાકીની પંડ્યા, શક્તિસિંહ પરમાર અને અન્ય વક્તાઓ ભાગ લેશે, જ્યારે બપોરે જુની રંગભૂમિના ગીતોની પ્રસ્તુતિ ઉત્કર્ષ મજમુદાર અને હેતલ મોદી કરશે. ૨૧ ડિસેમ્બરે મધ્યસ્થ સમિતિની બેઠક, સર્જક વિશેષ સત્ર અને સામાન્ય સભા યોજાશે. નોંધણી કરનાર ઉપસ્થિતોને પ્રમાણપત્ર આપવામાં આવશે.

# સાવરકુંડલા શહેરમાં બ્રહ્મપુરી ભવનનું લોકાર્પણ અને ભવ્ય બ્રહ્મચોર્યાસી સંપન્ન



સાવરકુંડલા,તા.૧૭

સાવરકુંડલામાં સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા આયોજિત ઐતિહાસિક કાર્યક્રમ રવિવારે સફળતાપૂર્વક સંપન્ન થયો. આ અવસરે સાવરકુંડલા તાલુકાના હજારો ભૂદેવ પરિવારો એકસાથે ઉપસ્થિત રહીને ધાર્મિક એકતાના પાવન અવસરના સાક્ષી બન્યા હતા. આ કાર્યક્રમનો પ્રારંભ શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સંચાલિત બ્રહ્મપુરી ભવનના ઉપરના વિભાગના લોકાર્પણ સાથે થયો. સમસ્ત બ્રહ્મસમાજે તમામ પેટા જ્ઞાતિવાદના વાડાઓને દૂર કરીને, ધાર્મિક શિક્ષણ અને સમાજ એકતાને વધુ સુદઢ બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે સમાજના વડીલો અને અગ્રણીઓની હાજરી રહી હતી. આ લોકાર્પણ બાદ, સમસ્ત ભૂદેવ પરિવારોમાં એકતા અને બંધુત્વની ભાવના વધારવાના ઉદ્દેશ્યથી સહ પરિવાર બ્રહ્મચોર્યાસી (સ્નેહમિલન) અને મહાભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ સાંજે ૫:૩૦ કલાકે બ્રહ્મપુરી, વી.ડી. કાણકિયા કોલેજ સામે સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. સાવરકુંડલા સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ મુકેશભાઈ ત્રિવેદીએ આ પવિત્ર પ્રસંગે બ્રહ્મચોર્યાસીના ભોજન પ્રસાદનો લાભ લેવા બદલ તાલુકાના તમામ ભૂદેવ પરિવારોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# સાવરકુંડલામાં માનવ સેવા ટ્રસ્ટ દ્વારા પાંચ હજારથી વધુ જરૂરિયાતમંદોને ધાબળાનું વિતરણ



સાવરકુંડલા,તા.૧૭

સાવરકુંડલા સ્થિત સબકા માલિક એક માનવ સેવા ટ્રસ્ટે દર વર્ષની જેમાં પોતાની ઉમદા પરંપરાને જાળવી રાખીને, આ વર્ષે પણ પાંચ હજારથી વધુ અતિ ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને શિયાળાની આકરી ઠંડીથી રક્ષણ પૂરું પાડવા માટે વિનામૂલ્યે ગરમ ધાબળાનું વિતરણ કર્યું હતું. આ સેવાયજ્ઞનું આયોજન પીન્ટુભાઈ મલેકના નિવાસસ્થાને, નેરા વિસ્તાર, સાવરકુંડલા ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંતો-મહંતો, દાતાઓ તેમજ શહેરના અગ્રણીઓ, રાજકીય અને સામાજિક આગેવાનો અને અઢારે વરણના નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ ભવ્ય માનવસેવાના કાર્યક્રમને સફળ બનાવવામાં ઉપપ્રમુખ ઈરફાનભાઈ ગોરી તેમજ સમગ્ર ટીમે વિશેષ જહેમત ઉઠાવી હતી.






# બાબરામાં ઠાકર બાપા પાઠ કાર્યક્રમમાં મહિલા કોંગ્રેસ અગ્રણીની હાજરી

બાબરા,તા.૧૭

બાબરા શહેરમાં ભરવાડ સમાજના ઠાકર બાપાના પાઠનું ભવ્ય આયોજન વશરામભાઈ બાંભવાના મઢે કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ભરવાડ સમાજના ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં કોંગ્રેસના નેતા જેનીબેન ઠુંમર, બાબરા કોંગ્રેસ શહેર પ્રમુખ ચિત્તરંજનભાઈ છાટબારે ખાસ હાજરી આપી હતી. ઉપરાંત ભરવાડ સમાજના આગેવાનો માંડણભાઈ બાંભવા, ખોડાભાઈ રાતડીયા, લાલાભાઈ મૂંધવા, મેરામભાઈ ગમારા, બચુભાઈ કરીર સહિતના આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ શાંતિપૂર્ણ અને ધાર્મિક ભાવનાથી યોજાયો હતો, તેમ અમારા બાબરાના પ્રેસ પ્રતિનિધિ દિપક કનૈયાએ જણાવ્યું હતું.

## નામ બદલાવેલ છે

હું આથી જાહેર કરનાર, રોશનબેન હુસેનભાઈ સુમરા મારૂં જૂનું નામ :- રોસનબેન હુસેનભાઈ સુમરા થી બદલી ને નવું નામ :- રોશનબેન હુસેનભાઈ સુમરા કરવામાં આવ્યું છે. તેથી હું રોશનબેન હુસેનભાઈ સુમરા તરીકે ઓળખાવ છું

સહી :- રોશનબેન હુસેનભાઈ સુમરા

સરનામું :- સ્વામિનારાયણ મંદિર પાસે, કાદરી મંજીલની બાજુમાં, અમરેલી – ૩૬૫૬૦૧







GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો

ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો



ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો

અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.

ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ

સંજય ટાયર્સ

બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.

લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


## મામલતદાર અને તાલુકા એકજીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બાબરા

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૨૫૪/૨૫ તા.૦૮/૧૧/૨૦૨૫

વિવાદી- શ્રી સજનબા ધીરૂભાઈ સરવૈયા વા.ઓ. હરીસિંહ રાઠોડ
રહે.ભાવનગર તા.જિ.ભાવનગર
મો. ૯૧૦૬૬૭૦૪૭૨

- //વિરૂધ્ધ//-

પ્રતિવિવાદીઃ- જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-ત.ક.મ.શ્રી, વાવડી
વાવડી ગ્રામ પંચાયત, તા.બાબરા, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**

**(મરણનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ભાવનગર જિલ્લાના રહીશ આ કામના અરજદારના પિતાશ્રી ધીરૂભાઈ માવસંગભાઈ સરવૈયાનું મરણ તા.૦૧/૦૬/૧૯૪૨ ના રોજ મોજે- વાવડી તા.બાબરા, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૫/૧૦/૨૦૨૫ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૨૦/૧૧/૨૦૨૫ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી
તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ
અને મામલતદાર બાબરા

## અવસાન નોંધ

**બગસરા**

ગં.સ્વ. વિજયાબેન અમૃતલાલ સનીશ્વર (ઉ.વ.૮૦)નું તા.૧૬/૧૧/૨૦૨૫ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે સ્વ.ભરતભાઈ, જયશ્રીબેન, હંસાબેનના માતૃશ્રી, શિવાની, મહેક અને કરણના દાદીમા થાય છે. સદ્‌ગતનું ઉઠમણુ તા.૧૭ને સોમવારના રોજ ૪થી ૫ કલાકે તેમજ પ્રાર્થના સભા સાંજે ૫ થી ૬ બ્રહ્મક્ષત્રિની વાડી, ખત્રીવાડી, બગસરા ખાતે રાખેલ છે. તેમજ પિયર પક્ષની સાદડી પણ સાથે રાખેલ છે.

## -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૫૨/૨૦૨૫ તા. ૦૧/૧૧/૨૦૨૫

અરજદારશ્રીઃ- ૧. ચેતનકુમાર ચીમનલાલ બકરાણીયા
રહે. એ ૫૦૨, શીવાંજલી ડ્રીમ નીલકંઠ રેસીડેન્સી, કામરેજ, સુરત

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી, રામગઢ તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી ચેતનકુમાર ચીમનલાલ બકરાણીયાનો જન્મ તા.૧૪/૦૬/૧૯૯૦ ના રોજ મુ.રામગઢ તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૦/૧૧/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

# જાફરાબાદના લોઠપુર ગામે મગફળીની ચોરી કરનારા ૪ શખ્સો ઝડપાયા

અમરેલી,તા.૧૭

એલસીબી પીઆઈ વી.એમ. કોલાદરાની ટીમે ટેકનિકલ સોર્સના આધારે ચાર શંકાસ્પદ ઈસમોને ફોરવ્હીલ વાહનમાં મગફળી સાથે પકડી પાડ્યા હતા. સઘન પૂછપરછ દરમિયાન, આરોપીઓએ લોઠપુર ગામે મગફળીના પાકની ચોરી કર્યાની કબૂલાત કરી હતી. ઝડપાયેલા ચાર આરોપીઓમાં રાહુલભાઈ ઉર્ફે ગઢીયો પાંચાભાઈ વાઘેલા (ઉં.વ. ૨૫, રહે. બર્બટાણા, રાજુલા), મુનાભાઈ કનુભાઈ પરમાર (ઉં.વ. ૨૧, હાલ રહે. પોરબંદર, મૂળ રહે. લોઠપુર, જાફરાબાદ), સાગરભાઈ રામભાઈ પરમાર (રહે. લોઠપુર, જાફરાબાદ) અને ગોપાલભાઈ રામભાઈ પરમાર (ઉં.વ. ૨૦, રહે. લોઠપુર, જાફરાબાદ) નો સમાવેશ થાય છે. પોલીસે આરોપીઓ પાસેથી ૮ મણ મગફળી, જેની કિંમત રૂ.૮,૦૦૦/- છે, અને ચોરીમાં વપરાયેલ મારુતિ સુઝુકી કંપનીની ઈકો ફોરવ્હીલ જેની કિંમત



રૂ.૩,૦૦,૦૦૦/- છે, તે મળી કુલ રૂ.૩,૦૮,૦૦૦/- નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ ચોરી આશરે ૨૦ દિવસ પહેલા રાત્રિના એક વાગ્યાના અરસામાં લોઠપુર ગામે થઈ હતી. આરોપીઓ ઈકો ફોરવ્હીલ સાથે આવીને એક ઓરડીનું તાળું તોડી આશરે ૩૦ ગુણી મગફળીના પાકની ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. આ અંગે જાફરાબાદ પોલીસ સ્ટેશનમાં અગાઉ ફરિયાદ નોંધાઈ હતી.

# ધારી ગળધરા ખોડિયાર મંદિરના પગથિયા પાસે રમકડાં વેચવા બાબતે ઝઘડો થયો

**પડોશીઓએ લોખંડના પાઇપથી હુમલો કર્યો**

ધારી, તા.૧૭

ધારી નજીક આવેલ સુપ્રસિદ્ધ ગળધરા ખોડિયાર માતાજીના મંદિર ખાતે રમકડાં વેચવાના મામલે વેપારીઓ વચ્ચે ઝઘડો થતાં મારામારીની ઘટના સામે આવી હતી. આરોપીઓએ ફરિયાદી અને તેમના સાથીદારો પર લોખંડના પાઈપ વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. બુગાભાઈ પુનાભાઈ વાઘેલા (ઉ.વ.૪૫) એ વાલજીભાઈ પુનાભાઈ વાઘેલા, દિનેશભાઈ વાલજીભાઈ વાઘેલા તથા વિનેશભાઈ વાલજીભાઈ વાઘેલા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ સાહેદો રવિભાઈ અને આકાશભાઈ સાથે ગળધરા ખોડિયાર મંદિર ખાતે રમકડાં વેચવા માટે ગયા હતા. જ્યારે તેઓ મંદિરના પગથિયાં પાસે પહોંચ્યા, ત્યારે ત્યાં હાજર આરોપીઓ લોખંડના પાઈપ લઈને તેમની પાસે આવ્યા હતા. આરોપીઓએ તેમને ધમકી આપતાં કહ્યું કે, 'તમારે અહીં રમકડાં વેચવા માટે આવવાનું નથી. ગળધરા ખોડિયાર મંદિરે અમે જ રમકડાંનું વેચાણ કરીશું.' આમ કહીને આરોપીઓએ ઉશ્કેરાઈ જઈ તેમને શરીરે આડેધડ મુંઢમાર મારી ઈજાઓ પહોંચાડી હતી. હુમલા દરમિયાન તેમને જેમ ફાવે તેમ ગાળો આપી અને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ મામલે પોલીસે ફરિયાદીની ફરિયાદ નોંધીને આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રભાઈ જોરૂભાઈ વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં પ્રિન્ટિંગ પ્રેસના ધંધાર્થી સાથે રૂ. ૫.૨૧ લાખની છેતરપિંડી

**સરંભડા ગામના યુવક સામે ફરિયાદ**

અમરેલી, તા.૧૭

અમરેલીમાં પ્રિન્ટિંગ પ્રેસના ધંધાર્થી સાથે રૂ. ૫.૨૧ લાખની છેતરપિંડીની ઘટના બની હતી. ઘનશ્યામભાઈ મગનભાઈ હીરપરા (ઉ.વ.૪૮) એ સરંભડાના ચીરાગભાઈ રાજેશભાઈ વીરડીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી તેમની મોટા બસ સ્ટેન્ડ સામે વ્હાઈટ હાઉસમાં સર્જક સ્ક્રીન આર્ટ નામની દુકાને કોમ્પ્યુટર વર્ક કામ કરતા હતા. તેમના ખાતામાંથી જાણ બહાર દુકાનમાં રહેલા મોબાઈલમાંથી બીજાના અલગ અલગ એકાઉન્ટમાં કટકે કટકે રૂ. ૫,૨૧,૦૭૪ ટ્રાન્સફર કરી લીધા હતા. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે.એમ. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# કે.કે. હાઈસ્કૂલના યજમાનપદે સાવરકુંડલા તાલુકા કક્ષાનો ખેલ મહાકુંભ ૨૦૨૫ યોજાયો

સાવરકુંડલા,તા.૧૭

સાવરકુંડલા તાલુકા કક્ષાના ખેલ મહાકુંભ ૨૦૨૫નું આયોજન કે.કે. હાઈસ્કૂલના યજમાનપદે તારીખ ૯ નવેમ્બર થી ૧૧ નવેમ્બર સુધી કરવામાં આવ્યું હતું. આ ખેલ મહાકુંભમાં સાવરકુંડલા તાલુકાની ઘણી બધી શાળા-કોલેજોના વિદ્યાર્થીઓ તથા યુવાનોએ બહોળી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ચેસ, યોગ, રસ્સાખેંચ, વોલીબોલ, કબડ્ડી, ખો-ખો અને એથ્લેટિક્સ જેવી વિવિધ રમતોનું આયોજન થયું હતું. ખેલ મહાકુંભના કન્વીનર તરીકે શાળાના વ્યાયામ શિક્ષક વિપુલભાઈ દવેએ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી, જ્યારે સાવરકુંડલા તાલુકાના વ્યાયામ શિક્ષક મિત્રોએ રેફરી તરીકે ઉમદા કામગીરી બજાવી હતી. સમગ્ર સ્પર્ધા ખૂબ જ શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ હતી. આ ઉમદા કામગીરી બદલ શાળાના પ્રિન્સિપાલ અને સમગ્ર ખેલ મહાકુંભના સંચાલક ચેતનભાઈ ગુજરીયાએ શાળાના વ્યાયામ શિક્ષક, ખેલ સહાયક મિત્રોને આભાર સાથે અભિનંદન પાઠવ્યા હતા.



# બાબરાના ઈશ્વરીયા ગામેથી છ પત્તાપ્રેમી પકડાયા, એક ફરાર

બાબરા,તા.૧૭

બાબરાના ઈશ્વરીયા ગામેથી પોલીસે છ જુગારીઓને ઝડપી પાડ્યા હતા. જ્યારે એક ફરાર થઈ ગયો હતો. તેમની પાસેથી રોકડા ૬૩૬૬૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. ભાવેશભાઈ ખોડાભાઈ મકવાણાની ઈશ્વરીયા ગામે આવેલ વાડી ખેતરના પાછળના ભાગે આવેલ વોકળામાંથી અરવિંદભાઈ અરજણભાઈ ધોળકીયા, પ્રશાંતભાઈ મનસુખભાઈ ભડીયાદરા, કુણાલભાઈ અમુતભાઈ કાનાણી, વાસીમભાઈ આલમભાઈ પઠાણ, ઈકબાલભાઈ ઉમરભાઈ શેખ, રેનિશભાઈ બાલુભાઈ ગુમાસણા ગંજીપત્તાના પાના તથા પૈસા વડે હારજીતનો તીનપત્તીનો જુગાર રમતા રોકડા રૂા.૬૩,૬૬૦ સાથે પકડાયા હતા. લાલાભાઈ ભગવાનભાઈ વાઘેલા (શ્રવણ) ફરાર થઈ ગયા હતા.

# અમરેલી જિલ્લામાં કનેકટીવીટીના વાંકે અનેક ખેડૂતો ફોર્મ ભરવાથી વંચિત

અમરેલી,તા.૧૭

અમરેલી જિલ્લામાં આઠ દિવસ સુધી વરસ્યો હતો. જેના કારણે કપાસ, મગફળી, સોયાબીન, ડુંગળી અને જુવાર સહિતના પાકને વ્યાપક નુકસાન થયું હતું. ખેડૂતોએ તાત્કાલિક સર્વે અને સહાયની માંગ કરી હતી. ખેડૂતોની માંગ બાદ સરકારે રાહત પેકેજ જાહેર કર્યું હતું અને ત્રણ દિવસ પહેલાં જ પોર્ટલ પર સહાય ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ કરી હતી. ખેડૂતો આ ફોર્મ ભરીને સહાય મેળવી



શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. જોકે, પહેલા જ દિવસે સર્વર ડાઉન હોવાથી કનેક્ટિવિટી મળી ન હતી. બીજા દિવસે કનેક્ટિવિટી મળતાં ખેડૂતો ગ્રામ પંચાયતો અને ફોર્મ ભરતી અન્ય જગ્યાઓ પર પહોંચ્યા હતા. પરંતુ હજુ પણ નેટવર્ક કનેક્ટિવિટી વારંવાર ખોરવાઈ જતી હોવાથી ખેડૂતોને ફોર્મ ભરવા માટે લાંબા સમય સુધી રાહ જોવી પડે છે.

# રાજુલામાં લગ્નપ્રસંગમાં પડોશીઓએ પથ્થર અને લાકડી વડે માર માર્યો

રાજુલા, તા.૧૭

રાજુલા વિસ્તારમાં રહેતા પડોશીઓ વચ્ચે અવારનવાર થતી માથાકૂટનું મનદુઃખ રાખીને લગ્નપ્રસંગમાં ગયેલા યુવક અને તેના પરિવાર પર હુમલો થયાની ઘટના પ્રકાશમાં આવી હતી. આ હુમલામાં યુવક અને તેના પરિવારજનોને ઈજાઓ પહોંચી હતી. બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી હતી. ભારતીબેન જગદીશભાઈ વિજુંડા (ઉ.વ.૨૧) એ જેન્તીભાઈ જોગદીયા, કવિતાબેન જેન્તીભાઈ જોગદીયા તથા વિશાલભાઈ જેન્તીભાઈ જોગદીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમને તેની બાજુમાં રહેતા કવિતાબેન જોગદીયા સાથે અવારનવાર ઝઘડો અને બોલાચાલી થતી હતી. આ વાતનું મનદુઃખ રાખીને જ્યારે તેમના પતિ તેમના જેઠના લગ્નપ્રસંગમાં ગયા હતા, ત્યારે આરોપીઓ ત્યાં પહોંચી ગયા હતા અને તેના પતિને જેમ ફાવે તેમ ગાળો આપી હતી. ત્યારબાદ, પથ્થરના છૂટ્ટા ઘા મારીને તેમને ઘૂંટણ અને ખભાના ભાગે મુંઢ ઈજાઓ પહોંચાડી હતી. જ્યારે તેઓ બચાવવા માટે વચ્ચે પડ્યા, ત્યારે આરોપીએ તેમને પણ જેમ ફાવે તેમ ગાળો આપી ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો અને ડાબા હાથના કાંડા ઉપર પથ્થર મારીને ઈજા પહોંચાડી હતી.

આ ઉપરાંત આરોપીએ તેના ઘરે લગ્નપ્રસંગમાં આવેલા સાક્ષી તનુબેન ધર્મેશભાઈ મહીડા અને જાગુબેન ભીખુભાઈ મહીડાને પણ ગાળો આપી હતી. જેમાં તનુબેનને પગના ભાગે પથ્થર મારી ઈજા કરી હતી તેમજ લાકડી વડે મુંઢમાર માર્યો હતો. ઉપરાંત જાગુબેનને પણ શરીરે ઢીકાપાટુનો મુંઢમાર મારવામાં આવ્યો હતો. આરોપીઓ ત્યાંથી જતા જતા તેમને અને તેમના પતિને 'હવે પછી ઘરની બહાર નીકળશો તો જીવતા નહીં રહેવા દઈએ, જાનથી મારી નાખીશું' તેવી જાનથી મારી નાખવાની ગંભીર ધમકી આપી હતી. જે બાદ કવિતાબેન જેન્તીભાઈ જોગદિયા (ઉ.વ.૪૦)એ જગદિશભાઈ કેશુભાઈ વિઝુંડા, ધર્મેશભાઈ મહીડા, મંજુબેન કેશુભાઈ વિઝુંડા, ભાવનાબેન જગદિશભાઈ વિઝુંડા, તનુબેન ધર્મેશભાઈ મહીડા તથા જાગુબેન ભીખુભાઈ મહીડા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપીઓ તેમને ગાળો આપતા હતા. જેથી તેમણે તેમને ઠપકો આપ્યો હતો. જે વાતનું મનદુઃખ રાખી તેમના પતિને જેમ ફાવે તેમ ગાળો આપી, ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. તેમજ તેના પતિને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિઃ તેરસ
તા. ૧૮-૧૧-૨૦૨૫, મંગળવાર, સૂર્યોદય-૦૬:૫૯,
સૂર્યાસ્ત-૦૫:૫૦, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ સ્વાતિ

## દૈનિક રાશિફળ

**તા.૧૮-૧૧-૨૦૨૫ મંગળવાર**

મેષઃ આજનો દિવસ તમારા માટે અનુકૂળ પરિણામ આપવાનો છે. તમે સ્પર્ધાના ક્ષેત્રે આગળ વધશો અને જે કામ ઘણા દિવસોથી અટકેલું છે તે આજે પૂર્ણ થશે.

વૃષભઃ આજનો દિવસ તમારા માટે વ્યસ્ત પરંતુ ફાયદાકારક સાબિત થઈ શકે છે. આજે ઘરની વસ્તુઓ ખરીદવામાં સમય લાગી શકે છે.

મિથુનઃ આજે તમને ગ્રહોની શુભ સ્થિતિને કારણે મોટી રકમ મળશે અને અટકેલા કામ પૂરા થતા મનમાં સંતોષ થશે.

કર્કઃ આજનો દિવસ તમારા માટે શુભ ફળ આપનારો છે અને પિતાના આશીર્વાદ-ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી ચીજવસ્તુ મેળવવાની ઇચ્છા આજે પૂર્ણ થશે.

સિંહઃ તમારા માટે આજનો દિવસ સારો છે અને તમને અન્યની મદદ કરવામાં વધુ આનંદ મળે છે.

કન્યાઃ આજનો દિવસ આનંદદાયક છે. પરિવાર સાથે સારો સમય પસાર કરશો. આજે તમે તમારી પત્ની, બાળકો સાથે કંઈક સર્જનાત્મક કરશો.

તુલાઃ આજનો દિવસ ખાસ રહેશે અને તમારા વિવાહિત જીવનમાં ખુશીઓ વધશે. આજે મુસાફરી થઈ શકે છે, પરંતુ સલામતીનું ખાસ ધ્યાન રાખો.

વૃશ્ચિકઃ આજે તમે જે કાર્યો તમે વિચાર્યા હતા તે પૂર્ણ કરી શકશો. આર્થિક સ્થિતિ પહેલા કરતા સારી રહેશે. વ્યવસાયમાં પરિવર્તનની યોજના છે.

ધનઃ આજનો દિવસ તમારા માટે સારા પરિણામ આપવાનો છે. નાણાકીય પક્ષ મજબૂત રહેશે. અટકેલા કામો પૂરા થશે અને ખ્યાતિ વધશે.

મકરઃ આજે અચાનક શરીરના દુઃખાવાને લીધે વધુ ખર્ચ કરવાની સ્થિતિ આવી શકે છે.

કુંભઃ આજે તમે તમારા હરીફો માટે માથાનો દુઃખાવા સમાન રહેશો. દાંપત્ય જીવનમાં ખુશાલીની સ્થિતિ રહેશે.

મીનઃ આજનો દિવસ શુભ છે અને શિક્ષણ-સ્પર્ધાના ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોને વિશેષ સિદ્ધિઓ મળશે.

# ચલાલામાં ૭૨મા અખિલ ભારતીય સહકાર સપ્તાહ અંતર્ગત સેમિનાર યોજાયો

અમરેલી, તા.૧૭

અમરેલી જિલ્લા સહકારી સંઘ અને શ્રી ભોજલરામ નાગરિક શરાફી સહકારી મંડળીના સંયુક્ત ઉપક્રમે સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીની અધ્યક્ષતામાં ચલાલા ખાતે ૧૫.૧૧.૨૦૨૫ સહકાર સપ્તાહના બીજા દિવસે ત્રિભુવન સહકારી યુનિવર્સિટી દ્વારા સંશોધન અને સહકારી શિક્ષણ પરિવર્તન વિષયવસ્તુ પર



સહકારી સેમિનારનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના પ્રમુખ જયંતીભાઈ પાનસુરીયા, સહકારી મંડળીના અધ્યક્ષ ગોરધનભાઈ ગેડિયા, ધારી તાલુકાના ભાજપ અધ્યક્ષ મૃગેશભાઈ કોટડીયા, અમરેલી જિલ્લા સહકારી સંઘની યુવા કમિટીના ડાયરેક્ટર રવિભાઈ પંડ્યા, બાબરા નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ, અમરેલી જિલ્લા સહકારી સંઘના એક્ઝીક્યુટીવ ઓફિસર ભાર્ગવભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા. મનીષ સંઘાણીએ ત્રિભુવન સહકારી યુનિવર્સિટી દ્વારા સંશોધન અને સહકારી શિક્ષણ પરિવર્તન બાબતે વિસ્તૃત જાણકારી આપી હતી.

# લાઠી રોડ ચોકડીથી નાનામાચીયાળા બાયપાસ અમર પાર્ટી પ્લોટ પાસે અકસ્માતમાં એક ઘાયલ

લાઠી, તા.૧૭

લાઠી રોડ ચોકડીથી નાનામાચીયાળા બાયપાસ અમર પાર્ટી પ્લોટ પાસે અકસ્માતની ઘટના બની હતી. જેમાં એક વ્યક્તિ ઘાયલ થયો હતો. જનકભાઈ ભીખુભાઈ આલાણી (ઉ.વ.૩૩) એ ટાટા કેરી લોડીંગ ગાડી નં. GJ ૧૪ X ૮૮૦૪ ના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. આ આરોપીએ તેની લોડીંગ ગાડી પૂરઝડપે અને બેફીકરાઈથી ગફલતભરી રીતે માણસોની જીંદગી જોખમાય તે રીતે ચલાવી સાહેદ તખુભાઈ ભીખુભાઈ આલાણીના હીરો સ્પેલેન્ડર મોટરસાયકલ નં. GJ ૧૪ BJ ૫૯૪૦ સાથે ભટકાવી પછાડી દીધા હતા. જેમાં સાહેદ તખુભાઈને બંને પગે તેમજ મોંઢા ઉપર દાઢીના ભાગે ફેકચર કરી શરીરે છોલાણ તેમજ નાની-મોટી ઈજા કરી નાસી ગયો હતો.

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલી દ્વારા F.Y.B.ed. તાલીમાર્થીઓને કૃષિ સંબંધિત વિશેષ માર્ગદર્શન અપાયું

અમરેલી,તા.૧૭

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર **(KVK)**, અમરેલી દ્વારા તા. ૧૪-૧૧-૨૦૨૫ના રોજ **F.Y.B.ed.**ના વિદ્યાર્થીઓને કૃષિ સબંધિત વિશેષ તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને કૃષિ સંબંધિત વિશેષ માર્ગદર્શન તથા હાલના સમયમાં પ્રાકૃતિક ખેતીનું મહત્ત્વ જાણવાનો હતો. આ કાર્યક્રમમાં કેવીકેના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડૉ. મીનાક્ષી કે. બારીયા, ડૉ. નેહા તિવારી (ગૃહ વિજ્ઞાન), ડૉ. શ્વેતા એ. પટેલ (સશ્ય વિજ્ઞાન) તથા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના અધિકારી લેખાબેન અને ૩૫ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. મીનાક્ષી કે. બારીયાએ કેવીકેની



કામગીરી વિશે, પ્રાકૃતિક ખેતીનું મહત્ત્વ અને જમીન તથા પાણીના પૃથ્થકરણ માટે નમૂના કેવી રીતે લેવા તે વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. ડૉ. નેહા તિવારીએ અમરેલી જિલ્લાના પ્રગતિશીલ ખેડૂતો વિશે તથા મિલેટ્સ પાકો કેમ ભોજનમાં ઉમેરવા જોઈએ એ વિશે ચર્ચા કરી. ડૉ. શ્વેતા એ. પટેલે ખેતીમાં વધતા ખર્ચ અને પ્રાકૃતિક ખેતીના આયામો વિશે સમજણ આપી હતી.

# લીલીયાના ગુંદરણ ગામેથી સગીરાને ભગાડી જનારો પરપ્રાંતીય ઝડપાયો

લીલીયા, તા. ૧૭

અમરેલી એસપીએ શરીર સબંધી તેમજ પોક્સો એક્ટ હેઠળના ગુનાના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરુધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા સૂચના અને માર્ગદર્શન આપ્યું છે. જે અન્વયે લીલીયા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ, એમ.ડી. સાળુંકેની રાહબરી હેઠળ અત્રેના પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલ ગુંદરણ ગામેથી સગીરાનું અપહરણ અને પોકસો એક્ટનો ગુનો ડિટેક્ટ કરવા અલગ અલગ ટીમો બનાવી સદરહુ ગુનાની સઘન તપાસ શરૂ કરવામાં આવી હતી. જે અનુસંધાને ટેક્નિકલ સોર્સ અને હ્યુમન સોર્સના આધારે ગણતરીનાં દિવસોમાં આરોપીને પકડી અપહરણ અને પોક્સો એક્ટ હેઠળના ગુનાનો ભેદ ઉકેલવામાં લીલીયા પોલીસને સફળતા મળી હતી. પોલીસે મધ્યપ્રદેશના અલીરાજપુરના પાડોલા (પટેલ ફળીયુ)ના રહેવાસી વિદેશ ગુલાસીંગ ઉર્ફે ગુલાબસીંગ બારીયા તથા કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરને ઝડપી પાડ્યા હતા. આ કામગીરી લીલીયા પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.ડી. સાળુંકે, એએસઆઈ છબીલદાસ બી. ટીલાવત, હેડ કોન્સ્ટેબલ્સ અલ્પેશભાઈ જી. શિયાળ, ભુજબલદાન આઈ. ગઢવી, સંજયભાઈ કે. રબારી તથા પોલીસ કોન્સ્ટેબલ્સ પંકજભાઈ સી. બગડા તથા અમીનભાઈ એસ. જુણેજા તથા વિજયભાઈ એમ. લાલુ તથા બ્રિજરાજસિંહ એમ. ગોહિલ નાઓ દ્વારા કરવામાં આવી હતી.

તંત્રી લેખ

# સમુદ્રયાન: ભારતીય વિજ્ઞાનના નવા આયામ

સમુદ્રયાન ભારતનું મહત્ત્વાકાંક્ષી ડીપ ઓશન મિશન છે, જેનો મુખ્ય હિસ્સો 'મત્સ્ય-૬૦૦૦' ચેન્નાઈના NIOT ખાતે એસેમ્બલી માટે પહોંચી ગયો છે. આ વૈજ્ઞાનિક સબમરીન ૪ કલાકમાં ૬ કિલોમીટરના ઊંડાણ સુધી પહોંચીને સંશોધન, સેમ્પલ કલેક્શન અને સર્વે કરશે. આ પ્રોજેક્ટની સૌથી મોટી સિદ્ધિ તેનું ૫૦% સ્વદેશીકરણ છે, જેમાં કમ્યુનિકેશન, નેવિગેશન અને કંટ્રોલ સિસ્ટમ ભારતમાં જ વિકસાવવામાં આવી છે. તેને બનાવવામાં ઈલેક્ટ્રોન બીમ વેલ્ડિંગ જેવી અત્યાધુનિક ટેકનિકનો ઉપયોગ થયો છે. મત્સ્ય-૬૦૦૦માં ત્રણ એક્વાનોટ ૧૨ કલાક સુધી સુરક્ષિત રહી શકશે. ૨૦૨૭માં ગગનયાન સાથે આ મિશનના માનવ અવતરણ હિંદ મહાસાગરમાં થવાની યોજના છે, જે ભારતની વૈજ્ઞાનિક ક્ષમતાનું પ્રતીક છે. ભારતની બ્લૂ ઈકોનોમીનો પ્રારંભ આ પ્રોજેક્ટથી થયો છે. સમુદ્રયાનનું આગમન ભારત માટે ગૌરવની વાત છે. ચેન્નાઈ સ્થિત નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઓશન ટેક્નોલોજી (NIOT) માં આ દિવસોમાં એક નવો ઉત્સાહ છવાયેલો છે, જે ભારતની વૈજ્ઞાનિક મહત્ત્વાકાંક્ષાઓનું પ્રતીક છે. આ ઉત્સાહનું કારણ છે 'સમુદ્રયાન' મિશનનો મુખ્ય હિસ્સો, જેને 'મત્સ્ય-૬૦૦૦' તરીકે ઓળખવામાં આવે છે, જે હવે એસેમ્બલી માટે તૈયાર છે. આ માત્ર એક સબમરીન નથી, પરંતુ હિંદ મહાસાગરના અંધકારમય અને અજાણ્યા ઊંડાણોમાં ભારતીય વૈજ્ઞાનિકોને લઈ જવાનું સ્વપ્ન છે. આ પ્રોજેક્ટ, જે દરિયાના પેટાળમાં છુપાયેલા ખજાના અને ડેટાને બહાર લાવવા માટે ડિઝાઈન કરાયો છે, તે દેશની બ્લૂ ઈકોનોમી માટે એક મહત્વનું સીમાચિહ્ન સાબિત થવાનો છે. સમુદ્રયાનનું આગમન એ સંકેત આપે છે કે ભારત હવે માત્ર અવકાશની ઊંચાઈઓ જ નહીં, પરંતુ મહાસાગરોના સૌથી ઊંડા તળિયાને પણ સ્પર્શવા માટે સજ્જ છે. આ વૈજ્ઞાનિક પ્રગતિ માત્ર સંશોધન પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે દેશના યુવા વૈજ્ઞાનિકો અને એન્જિનિયરો માટે નવી પ્રેરણાનો સ્ત્રોત બની રહી છે. આત્મનિર્ભરતાની નવી સિદ્ધિ: ૫૦% સ્વદેશીકરણ સમુદ્રયાનની વાર્તા ભારતની આત્મનિર્ભરતાની ભાવનાને સ્પષ્ટપણે ઉજાગર કરે છે. મૂળભૂત રીતે આ મિશનના ૧૦૦% ભાગોની આયાત કરવાની યોજના હતી, પરંતુ વૈશ્વિક સ્તરે ઊભી થયેલી કોવિડ મહામારી અને ભૌગોલિક રાજકીય અવરોધોને કારણે આ યોજનામાં ફેરફાર કરવો પડ્યો. આ પડકારને ભારતીય વૈજ્ઞાનિકોએ એક તકમાં પરિવર્તિત કરી દીધો. પરિણામે, હવે ૨૦૨૫માં આ પ્રોજેક્ટનો અડધોઅડધ એટલે કે ૫૦% હિસ્સો ભારતીય સંસ્થાઓ દ્વારા જ વિકસાવવામાં આવ્યો છે. 'મત્સ્ય-૬૦૦૦' ની બેઝિક ફ્રેમ, સંદેશાવ્યવહાર, નેવિગેશન અને કંટ્રોલ સિસ્ટમ્સ માટેના સોફ્ટવેરનું સ્વદેશીકરણ એ ટેકનોલોજીના ક્ષેત્રમાં ભારતની વધતી શક્તિનો પુરાવો છે. વિશેષરૂપે, ટાઈટેનિયમ મિશ્રધાતુથી બનેલા મુખ્ય હિસ્સાને તૈયાર કરવા માટે દેશમાં પહેલીવાર ઉપયોગમાં લેવાયેલું ઈલેક્ટ્રોન બીમ વેલ્ડિંગ ટેકનિકનું આગમન એ દર્શાવે છે કે ભારત હવે માત્ર જુગાડ પર નહીં, પરંતુ અત્યાધુનિક વૈજ્ઞાનિક પદ્ધતિઓ પર આધાર રાખી રહ્યું છે. આ ૫૦% સ્વદેશી યોગદાન માત્ર આંકડો નથી, પરંતુ એ વિશ્વાસ છે કે જો જરૂર પડે તો ભારતીય વિજ્ઞાન અને ઉદ્યોગ વિશ્વસ્તરીય ઉકેલો પ્રદાન કરવામાં સક્ષમ છે. ૬ કિલોમીટરની મહત્ત્વાકાંક્ષા અને ગગનયાનનો સાથ સમુદ્રયાનની મહત્ત્વાકાંક્ષા ૬ કિલોમીટરના ઊંડાણ સુધીની છે, જ્યાં તે ૩૦ મીટર પ્રતિ મિનિટની ગતિથી ઉતરીને અંદાજે ૪ કલાકમાં પહોંચશે.

# રાષ્ટ્રની સૌથી મોટી સમસ્યા વ્યસનનો વધતો વ્યાપ છે



આજે જ્યારે ભારત આર્થિક ઉદારીકરણ અને વૈશ્વિકરણના પંથે પ્રગતિ કરી રહ્યું છે, ત્યારે એક એવી જીવનશૈલીનું આક્રમણ પણ થઈ રહ્યું છે જેને પશ્ચિમી દેશોએ તેના ભયંકર પરિણામોને કારણે ત્યજી દીધી છે – અને તે છે તમાકુ અને દારૂનો બેફામ વપરાશ. પ્રોફેસર રેડ્ડીના મંતવ્ય મુજબ, આ એક ત્યજાયેલી પશ્ચિમી જીવનશૈલી છે જેને આપણે અપનાવી રહ્યા છીએ. યુરોપના ૧૨ જેટલા દેશોએ તમાકુની જાહેરાતો પર પ્રતિબંધ મૂકીને જે દિશા પકડી છે, તે સ્પષ્ટ દર્શાવે છે કે વિકસિત વિશ્વ તેના વિનાશક વ્યાપથી વાકેફ છે. આ એક એવી લત છે જે માત્ર વ્યક્તિના સ્વાસ્થ્યને જ નહીં, પરંતુ સમગ્ર પરિવાર અને રાષ્ટ્રના કામઢા હાથ-પગને ભાંગી નાખે છે. વ્યસન મુક્તિ માટેના ડીએડિક્શન સેન્ટરોમાં વધી રહેલી ભીડ એ સંકેત છે કે સમાજે હવે જાગૃત થઈને આ દાનવને પડકારવાનો સમય આવી ગયો છે, નહીં તો આપણે માત્ર આંકડાઓનો વધારો જોતા રહીશું.પશ્ચિમી નકલ અને સ્વાસ્થ્ય પર સંકટ વ્યસનના કારણે દેશના સ્વાસ્થ્ય ક્ષેત્ર પર મોટો બોજ વધી રહ્યો છે. દિલ્હીની ઑલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટના ડૉક્ટરો દ્વારા નોંધાયેલા ઉત્તર ભારતમાં લિવર સિરોસિસના કેસોમાં એક દાયકામાં ૬૦ ટકાનો વધારો ચિંતાજનક છે. આ વધારો સીધો દારૂના વપરાશ સાથે જોડાયેલો છે. કર્ણાટક જેવા રાજ્યમાં દારૂ-બિયરના વપરાશમાં એક જ વર્ષમાં સરેરાશ ત્રીસ ટકાનો વધારો થવો એ માત્ર એક આંકડો નથી, પરંતુ તે દર્શાવે છે કે આ દૂષણ હવે શહેરોની મર્યાદા વટાવીને વ્યાપક બની રહ્યું છે. બેંગલોરની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેંટલ હેલ્થ એન્ડ ન્યુરોસર્જરિ (NIMHANS) માં દારૂના વ્યસનીઓ માટેના ડીએડિક્શન સેન્ટરમાં વર્ષે ૪૦૦૦થી વધારે શરાબીઓ ચિકિત્સા માટે આવતા હોય છે, જે આ સંકટની ઊંડાઈ દર્શાવે છે. આ આંકડાઓ માત્ર મેટ્રો શહેરો પૂરતા સીમિત નથી, પરંતુ દરેક નાના-મોટા શહેરોમાં 'આલ્કોહોલિક્સ'ની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. સામાજિક અને આર્થિક વિનાશ: વ્યસન માત્ર શરીરને નહીં, પરંતુ સામાજિક માળખાને પણ છિન્નભિન્ન કરી નાખે છે. શરાબ અને તમાકુમાં પૈસાનો વ્યય કરનારા અનેકો પોતાના ઘરમાં સ્ત્રી-બાળકોને મારઝૂડ કરે છે. બાળકોના શિક્ષણ અને પોષણ માટેના આવશ્યક પૈસા સિગારેટ

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

કે દારૂ પાછળ ખર્ચાઈ જાય છે, જેનાથી ભવિષ્યની પેઢીનું નિર્માણ જોખમાય છે. આ ઉપરાંત, વ્યસનગ્રસ્ત વ્યક્તિઓ બેકાબૂ વાહન ચલાવીને નિર્દોષ લોકોના જીવ જોખમમાં મૂકે છે અને વાહન દ્વારા કોઈક કુલદીપકના પ્રાણ હરી લેવા જેવા કરુણ કિસ્સાઓ પણ સર્જાય છે. હેરોઈન જેવાં ડ્રગ્ઝનો વિરોધ થાય છે તે આવકાર્ય છે, પરંતુ શરાબ અને તમાકુની વિરુદ્ધ એક વધુ વ્યાપક અને અસરકારક ચળવળ ચલાવવી જરૂરી છે, કારણ કે આ વ્યસનો કામઢા માણસોના હાથ-પગ ભાંગીને તેમને ઉત્પાદકતામાંથી દૂર કરી દે છે.

અનાજ ખાવું કે દારૂ પીવો? વ્યસનનું આર્થિક પાસું એક ગંભીર રાષ્ટ્રીય પ્રશ્ન ઊભો કરે છે: "અનાજ ખાવું કે દારૂ પીવો છે?" આજના ઉદારીકરણના વાતાવરણમાં બ્રુઅરીઝનો વધારો દેશની ખાદ્ય સુરક્ષા માટે પડકારરૂપ બની શકે છે. અમેરિકામાં માથા દીઠ વાર્ષિક ૫૪૫ કિલો અનાજ પેદા કરાય છે, જેમાંથી મોટો હિસ્સો (૩૨૦ કિલો) ઢોરને ખવડાવવા વપરાય છે. તેની સરખામણીમાં, આપણા દેશમાં માથા દીઠ માત્ર ૧૮૦ કિલો અનાજ ઉપલબ્ધ છે, જે અત્યાર સુધી સીધું માણસના વપરાશમાં આવતું હતું.

જો દારૂની બ્રુઅરીઝ આમ જ વધતી જશે, તો આ દારૂનો દૈત્ય આપણા મર્યાદિત અનાજનો મોટો જથ્થો સ્વાહા કરી જશે. આનાથી સીધી અસર ગરીબ અને મધ્યમ વર્ગના લોકોની પોષક સુરક્ષા પર થશે, જ્યાં દરેક દાણો ગણતરીમાં આવે છે. તેથી, આ વ્યસનો સામેનો સંઘર્ષ હવે સ્વાસ્થ્ય અને કાયદાનો નહીં, પણ અસ્તિત્વ અને અનાજની ઉપલબ્ધતાનો પણ બની ગયો છે. આ પડકારોનો સામનો કરવા માટે માત્ર સામાજિક જાગૃતિ જ નહીં, પરંતુ વૈજ્ઞાનિક અભિગમ પણ જરૂરી છે. વર્તમાનમાં, વ્યસનમુક્તિના ક્ષેત્રમાં વૈજ્ઞાનિક સંશોધન ઝડપથી આગળ વધી રહ્યું છે. તેમાં મગજના ન્યુરોસાયન્સ (Neuroscience) પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, જેથી જાણી શકાય કે વ્યસન મગજના રીવૉર્ડ સર્કિટને કેવી રીતે હાઈજેક કરે છે.

આ સમજણથી "ડીએડિક્શન" માટેની નવી અને વધુ અસરકારક દવાઓ (Pharmacotherapy) વિકસાવવામાં આવી રહી છે. આ ઉપરાંત, વર્તણૂકીય ઉપચાર પદ્ધતિઓ (Cognitive Behaviroal Therapy - CBT) અને માઈન્ડફુલનેસ આધારિત હસ્તક્ષેપો (Mindfulness-based interventions) દ્વારા દર્દીઓને વ્યસન છોડવા અને ફરીથી લત ન લાગે તે માટે મજબૂત બનાવવામાં આવી રહ્યા છે. જિનેટિક્સ (Genetics) પરના સંશોધનો પણ એવા લોકોને ઓળખવામાં મદદ કરી રહ્યા છે જેઓ વ્યસનના વધુ જોખમમાં છે, જેથી નિવારક પગલાં વહેલા લઈ શકાય. આ આધુનિક વૈજ્ઞાનિક પ્રયાસો ભવિષ્યમાં વ્યસનમુક્તિની ચિકિત્સાને વધુ વ્યક્તિગત અને સફળ બનાવશે.

**યુરોપ, અમેરિકા દ્વારા એક ત્યજાયેલી જીવનશૈલીનું આક્રમણ અત્યારે આપણા દેશ પર થઈ રહ્યું છે. દારૂ, પાન-બીડી, તમાકુ ઉપરાંત ડ્રગ્સનું સેવન વધતું જાય છે. અમુક કફ સીરપ પણ હવે આ કક્ષામાં આવે છે.**

## શબ્દ સંજોગ-૨૧૦૨



**આડી ચાવી :**
(૧) આખલો, સાંઢ (૨)
(૩) કાતર (૪)
(૫) એક જાતનું રેશમી કપડું (૪)
(૭) ખૂણો, ખાંચો (૨)
(૧૧) માસિક પગાર (૪)
(૧૩) અભિનય કરનાર (૪)
(૧૫) કાદવ, કદડો (૨)
(૧૬) અમે (૨)
(૧૮) એક અભિનેતા:.......કપૂર (૪)
(૧૯) ચપટા માથાનો ચાવવાનો દાંત (૨)
(૨૧) જમવામાં આ હોય તો મજા પડી જાય (અ) (૩)
(૨૪) બધુ મળીને (૩)
(૨૫) ખડકેલી ચીજોનો ઢગલો (૪)
(૨૭) એક શાક (૨)
(૨૮) સલમાન ખાનની એક ફિલ્મ (૨)

**ઉભી ચાવી :**
(૧) ચગદા ચગદી, કુદાકુદ (૪)
(૨) કિનારો, કાંઠો (૨)
(૩) ચીવટ, કાળજી (૨)
(૪) લૂંટારાની ટોળીનો હુમલો (૨)
(૬) એક ગુજરાતી માસ (૨)
(૮) શેરડીનું કોલુ (૩)
(૯) ઉત્પન્ન, કમાયેલું (૨)
(૧૦) પ્રેમ, ઈશ્ક (૨)
(૧૨) એક જાતનું સુતરાઉ કાપડ (૫)
(૧૩) આશા.....છે (૩)
(૧૪) ચૈત્ર મહિનાની એક એકાદશી (૩)
(૧૬) પૂજાપામાં વપરાતો એક પદાર્થ (૩)
(૧૭) સ્તર, થર (૨)
(૨૦) પૂંજ, ઢગ (૩)
(૨૨) પાટણની પ્રખ્યાત સાડી (૩)
(૨૩) પોતે, પોતાની જાત (૨)
(૨૫) હજાર કરોડ (૨)
(૨૬) ઓછું, ઉતરતું (૨)

## શબ્દ સંજોગ-૨૧૦૧ જવાબ

**આડી ચાવી:** (૧) રવિ (૨) બાદ (૪) પરેડ (૬) માંજર (૭) માનદ (૮) દક્ષ (૧૦) બાલી (૧૧) ગીર (૧૩) તિમિર (૧૫) જે (૧૬) તરુ (૧૭) લસાસ(સાલસ) (૨૦) હવા (૨૨) ખસ (૨૩) શરીર (૨૪) ઓથાર (૨૬) કર્પટ (૨૭) મધુ (૨૮) લોથલ (૨૯) ગૌ.

**ઉભી ચાવી:** (૧) રહેમાન (૨) બાજ (૩) દરદ (૪) પક્ષ (૫) ડફલી (૬) માંદગી (૯) ક્ષતિ (૧૦) બારસાખ (૧૨) રતવા (૧૪) મિલ (૧૮) સસલું (૧૯) અશરફી (૨૦) હરકત (૨૧) વ્યથા (૨૪) ઓટલો (૨૫) રમલ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૬૬ | ૧૪૯૨ |
| ઘઉં લોકવન | ૫૧૭ | ૫૪૫ |
| ઘઉં ટુકડા | ૫૧૮ | ૬૨૮ |
| જુવાર સફેદ | ૬૫૦ | ૧૦૨૧ |
| બાજરી | ૩૨૫ | ૪૬૪ |
| મકાઇ | ૨૫૦ | ૪૧૨ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૧૨ |
| ચણા પીળા | ૯૩૦ | ૧૧૨૦ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૮૭૫ |
| અડદ | ૧૦૬૦ | ૧૪૩૪ |
| મગ | ૧૨૦૦ | ૧૭૮૯ |
| વાલ દેશી | ૭૦૦ | ૯૧૦ |
| ચોળી | ૮૯૦ | ૧૨૪૦ |
| મઠ | ૯૦૦ | ૧૫૦૦ |
| વટાણા | ૯૦૦ | ૨૩૫૦ |
| કળથી | ૪૫૦ | ૮૫૦ |
| રાજમા | ૧૦૦૦ | ૧૫૦૫ |
| મગફળી જાડી | ૯૫૦ | ૧૩૬૩ |
| મગફળી જીણી | ૧૦૬૦ | ૧૩૨૧ |
| તલી | ૧૯૫૦ | ૨૩૩૦ |
| એરંડા | ૧૨૪૦ | ૧૩૧૮ |
| અજમો | ૧૧૦૦ | ૧૯૩૩ |
| સુવા | ૧૨૮૦ | ૧૨૮૦ |
| સોયાબીન | ૮૫૬ | ૯૩૬ |
| સીંગફાડા | ૯૫૩ | ૧૪૩૫ |
| કાળા તલ | ૩૪૬૦ | ૫૨૫૦ |
| લસણ | ૬૦૦ | ૧૧૦૦ |
| ધાણા | ૧૩૫૦ | ૧૫૬૦ |
| મરચા સુકા | ૧૧૭૦ | ૩૯૦૦ |
| ધાણી | ૧૪૦૦ | ૧૫૮૫ |
| વરીયાળી | ૧૨૦૦ | ૧૫૫૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૦૬૫ |
| રાય | ૧૩૮૦ | ૧૯૦૮ |
| મેથી | ૧૧૦૦ | ૧૫૧૫ |
| ઇસબગુલ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| અશેરીયો | ૯૭૫ | ૧૧૨૫ |
| કલોંજી | ૩૫૦૦ | ૪૮૭૬ |
| રાયડો | ૧૨૮૦ | ૧૩૩૦ |
| રજકાનું બી | ૫૧૨૫ | ૬૯૨૫ |
| ગુવારનું બી | ૮૦૦ | ૮૭૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૪૦૧ | ૮૨૩ |
| પપૈયા | ૭૬ | ૯૬ |
| બટેટા | ૨૦૩ | ૫૫૩ |
| ડુંગળી સુકી | ૫૦ | ૧૮૫ |
| ટમેટા | ૫૫૧ | ૮૯૧ |
| સુરણ | ૮૨૧ | ૧૦૨૩ |
| કોથમરી | ૧૧૯૩ | ૧૪૧૧ |
| મુળા | ૨૨૫ | ૩૭૮ |
| રીંગણા | ૧૦૦૯ | ૧૯૧૭ |
| કોબીજ | ૧૭૮ | ૩૪૫ |
| ફ્લાવર | ૩૦૬ | ૭૦૯ |
| ભીંડો | ૬૦૨ | ૧૨૧૪ |
| ગુવાર | ૧૦૧૧ | ૧૮૨૧ |
| ચોળાસીંગ | ૭૦૩ | ૧૪૨૩ |
| વાલોળ | ૪૦૧ | ૧૫૧૧ |
| ટીંડોરા | ૯૧૧ | ૧૬૨૩ |
| દુધી | ૧૮૧ | ૫૦૯ |
| કારેલા | ૬૧૪ | ૮૨૫ |
| સરગવો | ૯૧૬ | ૧૮૨૭ |
| તુરીયા | ૧૦૦૬ | ૧૪૨૯ |
| પરવર | ૧૧૯૫ | ૧૪૩૧ |
| કાકડી | ૮૦૧ | ૧૦૧૭ |
| ગાજર | ૬૧૩ | ૮૨૬ |
| વટાણા | ૩૦૧૪ | ૪૦૨૧ |
| ગલકા | ૫૦૧ | ૧૦૨૭ |
| બીટ | ૩૧૧ | ૫૧૭ |
| મેથી | ૬૦૩ | ૮૨૮ |
| વાલ | ૧૨૧૧ | ૧૬૨૧ |
| ડુંગળી લીલી | ૪૦૯ | ૬૧૮ |
| આદુ | ૧૧૩૧ | ૧૪૨૯ |
| ચણા લીલા | ૧૭૮ | ૬૯૩ |
| મરચા લીલા | ૨૨૩ | ૭૧૯ |
| હળદર લીલી | ૫૩૦ | ૭૦૯ |
| લસણ લીલુ | ૨૧૮૧ | ૨૫૯૮ |
| મકાઇ લીલી | ૨૬૧ | ૪૦૯ |
| **ગોંડલ** | | |
| ઘઉં લોકવન | ૫૧૦ | ૫૬૪ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૨૨ |
| સિંગદાણા જાડા | ૧૧૦૦ | ૧૩૨૬ |
| સિંગ ફાડીયા | ૧૦૦૦ | ૧૨૭૧ |
| એરંડા / એરંડી | ૧૨૯૧ | ૧૩૧૬ |
| તલ લાલ | ૨૧૦૧ | ૨૫૩૧ |
| જીરૂ | ૩૩૦૧ | ૪૨૫૧ |
| કલંજી | ૧૫૦૦ | ૪૮૦૧ |
| ધાણા | ૯૦૦ | ૧૬૨૬ |
| અડદ | ૮૧૧ | ૧૨૭૧ |
| તુવેર | ૬૨૬ | ૧૩૩૧ |
| રાય | ૧૬૩૧ | ૧૬૩૧ |
| મેથી | ૯૨૬ | ૧૨૨૧ |
| કાંગ | ૪૧૧ | ૬૧૧ |
| કારીજીરી | ૧૧૦૧ | ૨૫૦૧ |
| મરચા | ૭૦૧ | ૪૫૫૧ |
| ગુવાર બી | ૮૭૧ | ૮૭૧ |
| સફેદ ચણા | ૧૦૫૧ | ૧૮૯૧ |
| તલ - તલી | ૧૦૦૧ | ૨૪૬૧ |
| ધાણી | ૧૦૦૦ | ૧૭૨૧ |
| બાજરો | ૩૪૧ | ૫૪૧ |
| જુવાર | ૫૩૧ | ૮૪૧ |
| મકાઇ | ૩૯૧ | ૪૨૧ |
| મગ | ૮૧૧ | ૧૭૭૧ |
| ચણા | ૯૭૬ | ૧૧૦૬ |
| વાલ | ૬૧૧ | ૧૦૮૧ |
| કળથી | ૪૫૧ | ૪૫૧ |
| ગોગળી | ૪૦૦ | ૮૫૧ |
| વટાણા | ૮૨૬ | ૨૦૩૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૪૦૦ | ૧૧૪૦ |
| મરચા | ૧૮૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૫૮૦ | ૨૪૦૦ |
| કોબી | ૧૦૦ | ૩૦૦ |
| દુધી | ૧૬૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૮૦ | ૧૦૦૦ |
| કાકડી | ૨૦૦ | ૧૦૦૦ |
| રીંગણા | ૪૦૦ | ૨૦૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૫૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૩૦૦ | ૯૦૦ |
| ટિંડોરા | ૪૦૦ | ૧૧૦૦ |
| તુવેર | ૫૮૦ | ૧૨૦૦ |
| વાલ | ૪૮૦ | ૧૬૦૦ |
| વટાણા | ૨૦૦૦ | ૨૪૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૬૦૦ |
| કેરી કાચી | ૧૨૦૦ | ૧૬૦૦ |
| બટેટા | ૨૫૦ | ૪૩૦ |
| અંબાળા | ૪૦૦ | ૬૦૦ |
| લીલી હળદર | ૬૦૦ | ૯૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૦ |
| કોથમીર પુરા | ૪ | ૮ |
| મૂળા પુરા | ૫ | ૯ |
| શેરડી | ૧૦૦ | ૧૨૦ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૦૦ |
| ચૂણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ઘીસોડા | ૬૦૦ | ૧૬૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૬૦૦ |
| મેથી પુરા | ૩ | ૮ |
| બીટ પુરા | ૫ | ૧૩ |
| ચોરા | ૫૦૦ | ૧૨૦૦ |
| કારેલા | ૫૦૦ | ૧૨૦૦ |
| વાલોર | ૫૦૦ | ૧૪૦૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૩૦૦ |
| આદુ | ૭૮૦ | ૧૪૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૬ | ૧૩ |
| પાલક પુરા | ૪ | ૮ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૭૦૦ | ૧૨૩૨ |
| શીંગ ગીરનાર | ૯૩૫ | ૧૨૫૮ |
| શિંગ મોટી | ૭૭૫ | ૧૩૩૧ |
| શિંગદાણા | ૧૦૭૦ | ૧૨૪૦ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૯૧૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૫૩૭૦ |
| તલ કાશ્મીરી | ૨૧૭૦ | ૨૪૯૦ |
| જુવાર | ૭૬૦ | ૯૦૫ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૬૯ |
| ઘઉં લોકવન | ૫૨૫ | ૫૬૧ |
| અડદ | ૯૭૦ | ૧૨૫૦ |
| ચણા | ૯૨૫ | ૧૨૦૦ |
| સફેદ ચણા | ૧૦૧૦ | ૧૧૨૩ |
| છોલે ચણા | ૧૬૨૧ | ૧૭૬૧ |
| તુવેર | ૧૦૮૦ | ૧૩૩૬ |
| વાલ | ૮૧૫ | ૫૧૫ |
| કપાસ | ૮૭૦ | ૧૫૬૧ |
| એરંડા | ૧૧૪૭ | ૧૨૭૭ |
| જીરૂ | ૨૨૦૦ | ૩૬૦૩ |
| ધાણા | ૧૨૨૦ | ૧૪૭૦ |
| મેથી | ૬૦૦ | ૧૦૪૦ |
| સોયાબીન | ૬૯૦ | ૯૧૮ |
| કાંગ | ૪૯૫ | ૪૯૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૫૦ | ૪૮૦ |
| રીંગણા | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૮૪૦ |
| કોબીજ | ૨૦૦ | ૩૦૦ |
| શક્કરીયા | ૬૨૦ | ૮૫૦ |
| ટમેટા | ૮૫૦ | ૯૫૦ |
| સુરણ | ૬૨૦ | ૭૪૦ |
| ગાજર | ૬૦૦ | ૧૨૦૦ |
| દુધી | ૬૦૦ | ૮૦૦ |
| કારેલા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૬૦૦ | ૮૦૦ |
| મુળા | ૪૦૦ | ૬૦૦ |
| કાકડી | ૪૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૧૬૦૦ | ૨૫૫૦ |
| ચોળા લીલા | ૯૦૦ | ૧૨૫૦ |
| તુરીયા | ૧૦૨૦ | ૧૨૦૦ |
| વાલ | ૧૩૦૦ | ૧૪૦૦ |
| આમળા | ૬૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૦૪૦ |
| હળદર લીલી | ૬૪૦ | ૧૦૦૦ |
| આદુ | ૯૦૦ | ૧૨૦૦ |
| કોથમીર | ૬૦૦ | ૧૦૦૦ |
| મેથીભાજી | ૮૦૦ | ૯૦૦ |
| ફોદીનો | ૯૦૦ | ૧૦૦૦ |
| ટીંડોરા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| લીમડો મીઠો | ૨૮૦ | ૩૧૦ |
| મરચાં લીલાં | ૪૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૨૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૩૨૦ |
| લસણ લીલું | ૧૪૦૦ | ૨૦૦૦ |
| લસણ સુકુ | ૪૦૦ | ૧૧૦૦ |
| લીંબુ | ૩૦૦ | ૫૦૦ |
| પાલક | ૭૦૦ | ૮૦૦ |
| મકાઈ | ૨૮૦ | ૪૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૮૩૦ | ૧૧૨૫ |
| શીંગ મોટી | ૯૩૫ | ૧૪૨૦ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૪૬૦ |
| તલ કાળા | ૪૫૦૦ | ૫૨૪૦ |
| જીરૂ | ૩૬૦૦ | ૩૯૩૦ |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૮૦ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૯૧ |
| ઘઉં ટુકડા | ૫૩૦ | ૬૦૫ |
| જુવાર | ૬૯૧ | ૧૧૧૧ |
| અડદ | ૮૦૫ | ૧૪૦૦ |
| ચણા | ૮૩૦ | ૧૨૬૬ |
| તુવેર | ૬૦૦ | ૧૧૩૦ |
| સોયાબીન | ૮૬૫ | ૯૦૦ |
| **ધારી** | | |
| કપાસ એ | ૧૨૧૦ | ૧૫૦૧ |
| કપાસ કોડી | ૮૦૮ | ૧૧૯૨ |
| મગફળી | ૮૭૫ | ૧૨૧૨ |
| ઘઉં | ૪૫૦ | ૫૩૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૧૧ |
| અડદ | ૭૦૦ | ૮૨૫ |
| ધાણા | ૧૪૦૦ | ૧૪૩૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૭૫ |
| કલોંજી | ૪૪૦૦ | ૪૪૦૦ |
| છોલે ચણા | ૧૬૦૦ | ૧૬૦૦ |
| મગ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ચોળી | ૭૦૦ | ૭૦૦ |
| એરંડા | ૧૧૩૧ | ૧૧૩૧ |
| શિંગદાણા | ૯૩૦ | ૧૧૧૧ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૯૨ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૫૬ |
| ઘઉં ટુકડા | ૪૭૧ | ૫૩૭ |
| અડદ | ૮૧૦ | ૧૧૨૦ |
| મગ | ૧૦૧૫ | ૧૦૧૫ |
| જુવાર | ૬૫૦ | ૭૦૦ |
| કાંગ | ૩૦૦ | ૩૦૬ |
| મેથી | ૬૦૦ | ૬૫૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૨૬ |
| ચણા સફેદ | ૮૦૧ | ૧૦૨૩ |
| લસણ | ૧૬૫ | ૭૫૫ |
| ધાણા | ૧૩૭૫ | ૧૪૭૫ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૪૦૦ |
| સોયાબીન | ૬૧૫ | ૯૧૧ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૨૦૦ |
| તલ કાળા | ૩૩૦૦ | ૩૪૦૦ |
| શીંગ ફાડા | ૮૧૫ | ૧૧૫૫ |
| મગફળી | ૮૫૦ | ૧૦૧૨ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૧૬૮ | ૧૪૫૮ |
| કપાસ સીગ્રેડ | ૧૦૦૮ | ૧૦૦૮ |
| તલ | ૧૮૦૦ | ૧૮૦૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૬૫૦ | ૧૨૦૧ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૨૮૦ |
| તલ કાળા | ૪૭૦૦ | ૪૭૦૦ |
| કપાસ | ૭૦૦ | ૧૫૧૮ |
| બાજરો | ૩૫૧ | ૬૯૦ |
| ઘઉં ટુકડા | ૫૧૩ | ૬૦૪ |
| જુવાર | ૭૦૧ | ૧૧૯૧ |
| મગ | ૭૨૬ | ૭૨૬ |
| ચણા | ૮૪૫ | ૧૦૭૨ |
| સોયાબીન | ૬૮૭ | ૮૯૧ |
| રાય | ૧૮૦૦ | ૧૮૦૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૮૦ | ૧૫૦૫ |
| કપાસ કોડી | ૯૬૦ | ૧૨૫૬ |
| મગફળી | ૮૦૧ | ૧૧૫૬ |
| ચણા | ૧૦૨૫ | ૧૦૨૫ |
| જુવાર સફેદ | ૯૬૫ | ૯૬૫ |
| સોયાબીન | ૫૫૧ | ૮૭૫ |
| અડદ | ૧૦૦૧ | ૧૦૭૫ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૮૨૨ | ૧૧૮૦ |
| શીંગ ૩૯ | ૮૦૧ | ૧૧૭૧ |
| શીંગ ગીરનાર | ૯૦૦ | ૧૨૫૮ |
| શીંગ જી-૨૦ | ૮૫૦ | ૧૩૧૨ |
| જુવાર | ૩૦૦ | ૭૬૬ |
| બાજરી | ૩૦૧ | ૬૨૨૧ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૪૪ |
| અડદ | ૪૦૦ | ૧૭૫૨ |
| મેથી | ૫૦૦ | ૮૮૦ |
| સોયાબીન | ૭૬૦ | ૯૧૦ |
| ચણા | ૭૦૦ | ૧૧૫૪ |
| તલ સફેદ | ૧૯૯૯ | ૨૪૫૦ |
| તલ કાળા | ૮૦૦ | ૪૩૦૦ |
| તુવેર | ૧૦૫૦ | ૧૨૨૫ |
| જીરૂ | ૩૬૦૦ | ૩૬૦૦ |
| ડુંગળી લાલ નવી | ૭૫ | ૨૨૧ |
| ડુંગળી લાલ જુની | ૭૦ | ૧૦૭ |
| ડુંગળી સફેદ | ૧૦૦ | ૪૭૬ |
| કપાસ શંકર | ૬૦૦ | ૧૫૨૩ |
| **બાબરા** | | |
| કપાસ નવો | ૧૩૬૦ | ૧૫૭૦ |
| કપાસ જુનો | ૯૯૦ | ૧૩૧૦ |
| મગફળી | ૯૯૦ | ૧૩૫૦ |
| તલ | ૧૬૮૦ | ૨૧૧૦ |
| જીરૂ | ૩૨૨૫ | ૪૦૮૫ |
| ઘઉં | ૪૬૪ | ૫૬૯ |
| અડદ | ૯૭૦ | ૧૨૧૦ |
| મગ | ૧૨૯૦ | ૧૪૮૦ |
| ચણા | ૮૯૦ | ૧૧૯૦ |
| સોયાબીન | ૭૯૫ | ૮૮૫ |
| **કોડીનાર** | | |
| કપાસ ડોળાસા | ૧૧૦૦ | ૧૪૭૦ |
| મગફળી જી-૨૦ | ૮૦૦ | ૧૪૦૦ |
| મગફળી ૩૨ | ૭૫૦ | ૧૧૮૯ |
| બાજરો | ૪૦૫ | ૫૮૧ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૬૭ |
| જુવાર | ૭૫૦ | ૯૩૦ |
| અડદ | ૭૦૦ | ૧૨૩૫ |
| ચણા | ૯૦૦ | ૧૧૧૬ |
| તલ | ૧૭૫૦ | ૨૩૬૦ |
| તલ કાળા | ૩૨૫૦ | ૪૯૯૫ |
| સોયાબીન | ૭૭૮ | ૯૩૧ |
| **જામનગર** | | |
| જુવાર | ૭૦૦ | ૮૮૫ |
| બાજરો | ૪૦૦ | ૫૬૦ |
| ઘઉં | ૪૮૮ | ૫૧૨ |
| મગ | ૧૦૦૦ | ૧૧૪૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૨૮૫ |
| ચોળી | ૧૦૫૦ | ૧૫૧૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૩૫ |
| ચણા | ૯૦૦ | ૧૧૦૧ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૭૦૫ |
| મગફળી જીણી | ૯૫૦ | ૧૨૮૦ |
| મગફળી જાડી | ૮૫૦ | ૧૧૮૦ |
| મગફળી ૬૬નં. | ૧૦૦૦ | ૧૩૧૦ |
| મગફળી ૯ નં. | ૧૦૦૦ | ૧૭૧૦ |
| તલ | ૨૩૦૦ | ૨૬૦૫ |
| લસણ | ૪૦૦ | ૧૦૫૧ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| જીરૂ | ૩૨૦૦ | ૪૦૩૦ |
| અજમો | ૧૫૦૦ | ૨૯૯૦ |
| અજમાની ભુકી | ૩૦ | ૧૭૦૦ |
| મરચા | ૭૫૦ | ૨૧૪૦ |
| ડુંગળી સુકી | ૩૦ | ૨૧૦ |
| સોયાબીન | ૭૦૦ | ૯૧૦ |
| રાજમા | ૯૦૦ | ૧૧૪૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૭૬ |
| ઘઉં | ૪૦૧ | ૫૪૨ |
| ચણા | ૮૦૧ | ૧૧૦૧ |
| અડદ | ૭૫૧ | ૧૧૫૧ |
| મગફળી | ૬૫૧ | ૧૧૮૬ |
| શીંગ ફાડા | ૧૦૦૧ | ૧૧૫૧ |
| સફેદ તલ | ૧૫૦૧ | ૨૩૫૧ |
| મેથી | ૫૦૧ | ૭૫૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૫૨૧ |
| સોયાબીન | ૭૦૧ | ૯૧૧ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# SGVP ગુરુકુલ આપત્તિગ્રસ્ત ખેડૂતોના ૧૦૮થી પણ વધુ સંતાનોને ભણાવશે

અમરેલી,તા.૧૭



હાલમાં કમોસમી અતિવૃષ્ટિને લીધે ખેડૂતોના પાક નિષ્ફળ ગયા છે. ખેડૂતો આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. આવી પરિસ્થિતિમાં સરકારે ખેડૂતોને નુકસાની સામે રાહત પેકેજ જાહેર કર્યા છે. આવા કુદરતી આપત્તિના સમયે SGVP ગુરુકુલ હંમેશા જરૂરિયાતમંદ લોકોની સહાયતા કરવા માટે તત્પર રહ્યું છે. આ કુદરતી આપત્તિના સમયે સંસ્થાના અધ્યક્ષ પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીની પ્રેરણાથી SGVP ગુરુકુલે આપત્તિગ્રસ્ત પરિવારોના ૧૦૮ થી પણ વધારે દીકરા-દીકરીઓને ભણાવવાનો નિર્ણય કર્યો છે. આ મહાન સેવાયજ્ઞમાં સ્વાશ્રય ફાઉન્ડેશન ભાવનગર જેવી ઉદારદિલ સંસ્થાઓ અને દાતાઓ મુખ્ય સહયોગી છે. આ સેવાકાર્યોનું સંચાલન SGVP ગુરુકુલ દ્રોણેશ્વરથી થશે.

જેના સંપર્ક નંબર દ્રોણેશ્વર ગુરુકુલ ૯૯૨૫૦૧૭૯૦૫, ૯૯૦૯૯ ૭૭૭૨૬ છે તથા રીબડા ગુરુકુલ ૯૭૨૭૯૫૯૫૯૦ છે.

# હાલોલના ગ્રામ્ય વિસ્તારમાં સ્માર્ટ મીટર લગાવ્યા બાદ ખેડૂતનું ૧૫ દિવસમાં રૂા.૫૦૦૦૦ બિલ આવતા રોષ

પંચમહાલ,તા.૧૭

પંચમહાલ જિલ્લાના હાલોલ ગ્રામ્ય વિસ્તારમાં સ્માર્ટ મીટર લગાવવાની કામગીરી શરૂ થતાં જ ગ્રામજનોમાં અસંતોષ અને ફરિયાદો વધવા લાગી છે. હાલોલ તાલુકાના ટાઢોડીયા ગામમાં એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમાં ખેડૂત નારણ બારીયાને સ્માર્ટ મીટર લગાવ્યા બાદના માત્ર ૧૫ દિવસમાં જ ૫૦,૦૦૦નું વીજબિલ મળ્યું છે. હંમેશા બે મહિનાનું આશરે ૧,૦૦૦ જેટલું બિલ ચૂકવતા ખેડૂત આટલો મોટો આંકડો જોઈને ચોંકી ઉઠ્યો હતો. એક વર્ષનું સામટું બિલ પણ જેટલું નથી આવતું તેટલું બિલ માત્ર ૧૫ દિવસનું જ આવ્યું છે.




નારણભાઈનું જૂનું વીજ મીટર ૫ ઑક્ટોબરે બદલીને સ્માર્ટ મીટર મૂકાયું હતું. બધું સામાન્ય રીતે ચાલતું હતું, પરંતુ ૧૭ ઑક્ટોબરે તેમના ફોન પર આવેલા મેસેજથી તેઓ ચોંકી ઉઠ્યા હતા. મેસેજમાં બિલની રકમ ૫૦,૦૨૦.૩૧ દર્શાવવામાં આવી હતી. ઑનલાઈન સિસ્ટમ ચેક કરતાં પણ એ જ આંકડો દેખાતા ખેડૂતની ચિંતા વધી હતી. સામાન્ય રીતે આવતું બિલ અચાનક પાંચ હજાર ગણું થઈ જવાથી તેઓ હતપ્રભ થઈ ગયા હતા.

# ભાવનગરમાં એસએમસીની ટીમે સીરપના જથ્થા સાથે ૪.૩૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

ભાવનગર,તા.૧૭

ભાવનગરમાં એસએમસીની ટીમે ૩.૪૭ લાખના સીરપના જથ્થા સાથે ૪.૩૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ રેડમાં પોલીસે ત્રણ શખ્સોની ધરપકડ કરી છે અને ત્રણ ફરાર આરોપીની શોધ હાથ ધરી છે. આ બનાવની વિગત મુજબ સ્ટેટ મોનીટરિંગ સેલની ટીમને માહિતી મળી હતી કે ભાવનગરના આંબાવાડી વિસ્તારમાં વૃષા સુવર્ણા ફલેટમાં નશીલા સીરપનો જથ્થો રાખવામાં આવ્યો છે. જેને આધારે પોલીસે આ ફ્લેટ પર દરોડો પાડ્યો હતો. જેમાં પોલીસે રૂ.૩,૪૭,૪૨૬ ની કિંમતની ૧૭૯૮ બોટલો કબજે કરી હતી. તે સિવાય પોલીસે ૩ મોબાઈલ, રૂ.૨૫,૫૦૦ રોકડા મળીને કુલ રૂ. ૪,૩૭,૯૨૬નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ કેસમાં પોલીસે ભાવનગરમાં રહેતા નિશાંત એચ. સંઘવી, તોફિક આર. શેખ અને રહીમ એફ. વિરાણીની ધરપકડ કરી હતી. જ્યારે અન્ય ત્રણ ફરાર શખ્સોની પોલીસે શોધ હાથ ધરી છે.

# ધોરાજીના પાંચ પીર વાડી વિસ્તારમાં પાણીજન્ય રોગચાળો: ત્રણ દિવસમાં ૩૦ દર્દીઓ નોંધાયા, ૧૨ સેમ્પલ રાજકોટ PDU ખાતે મોકલાયા

ધોરાજી,તા.૧૭

ધોરાજી શહેરના પાંચ પીર વાડી વિસ્તારમાં પીવાના પાણીમાં ગટરનું દૂષિત પાણી ભળી જવાથી પાણીજન્ય રોગચાળો ફેલાયો છે. છેલ્લા ત્રણ દિવસમાં આ વિસ્તારમાં ઝાડા-ઉલ્ટીના ૩૦થી વધુ દર્દીઓ નોંધાતા આરોગ્ય વિભાગ અને તંત્રમાં દોડધામ મચી ગઈ છે. આ રોગચાળાની ચપેટમાં મહિલાઓ, પુરુષો અને બાળકો પણ આવ્યા છે. ધોરાજી સિવિલ હોસ્પિટલના અધિક્ષકે જણાવ્યું કે, ઝાડા-ઉલ્ટીના કુલ ૩૦ જેટલા કેસ નોંધાયા છે, જેમાંથી ૧૫ જેટલા દર્દીઓને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા છે. અન્ય દર્દીઓ ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. હાલ સાત જેટલા દર્દીઓને રજા આપી દેવાઈ છે. આ રોગચાળાનું ચોક્કસ કારણ જાણવા માટે ૧૨ જેટલા દર્દીઓના લોહી અને યુરિનના સેમ્પલ રાજકોટ પીડીયુ (PDU) ખાતે મોકલવામાં આવ્યા છે, જેના રિપોર્ટ આવ્યા બાદ વધુ વિગતો મળી શકશે. સિવિલ હોસ્પિટલમાં ૨૪ કલાક ડોક્ટર અને નર્સિંગ સ્ટાફ ખડેપગે છે અને પર્યાપ્ત દવાઓ પણ ઉપલબ્ધ છે.



# વડોદરાના તાંદલજા વિસ્તારમાં પતિએ તેની પત્નીનું ગળું દબાવી કરી હત્યા

વડોદરા,તા.૧૭

વડોદરા શહેરના તાંદલજા વિસ્તારમાં એક પતિએ તેની પત્નીનું ગળું દબાવીને હત્યા કરવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. મહિલાએ બીજા લગ્ન કર્યા હતા. આ દંપતીને છ મહિનાની પુત્રી પણ છે. જોકે, હત્યાને કારણે હવે બાળકીએ તેની માતાનો છાયો ગુમાવ્યો છે. જેપી રોડ પોલીસે હત્યાનો કેસ નોંધ્યો છે. શેખ પરિવાર થોડા દિવસો પહેલા તાંદલજા વિસ્તારની મહાબલીપુરમ સોસાયટીના ગેટ નંબર ૨, ૧૯૭ નંબરના મકાનમાં રહેવા ગયો હતો. ૨૩ વર્ષીય મિસ્બા શેખ અને તેના પતિ કાસિમ શેખ વચ્ચે કોઈ વાતને લઈને ઝઘડો થયો હતો. ગુસ્સામાં કાસિમે તેની પત્ની મિસ્બાનું ગળું દબાવીને હત્યા કરી દીધી હતી. મિસ્બાને છ મહિનાની પુત્રી છે. ઘટનાની માહિતી મળતાં, જેપી રોડ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર સહિત પોલીસ દળ ઘટનાસ્થળે પહોંચ્યું હતું. આરોપી પતિ કાસિમ શેખની ગણતરીના કલાકોમાં ધરપકડ કરવામાં આવી હતી.

# ધોરાજીનાં પાંચ પીર વાડી વિસ્તારને કોલેરાગ્રસ્ત જાહેર કરાતાં મામલતદારે સરકારી વિભાગોની બેઠક બોલાવી

ધોરાજી, તા.૧૭



ધોરાજી પાંચ પીરની વાડી વિસ્તારમાં બે કિલોમીટરની ત્રિજ્યામાં કોલેરાગ્રસ્ત ક્લસ્ટર ગણી જિલ્લા કલેકટરે જાહેરનામું બહાર પાડી ઓથોરિટી ઓફિસર તરીકે મામલતદારની નિમણૂક કરતા મામલતદારે આરોગ્ય, રેવન્યુ, પોલીસ, પાલિકા, આરોગ્ય વિભાગ સહિત સંબંધિત સરકારી વિભાગોના અધિકારીઓની તાકીદે બેઠક બોલાવી હતી. ધોરાજી મામલતદાર પંચાલે જણાવ્યું હતું કે કોલેરા નિયંત્રણ બાબતે સોમવારે મામલતદાર કચેરી, ધોરાજી ચીફ ઓફિસર, તાલુકા હેલ્થ ઓફિસર તથા પોલીસ ઈન્સ્પેક્ટર ધોરાજી સીટી પોલીસ સ્ટેશન સાથે મિટિંગ યોજવામાં આવી હતી. જેમાં જિલ્લા કલેકટર દ્વારા જાહેરનામાનું કડકપણે અમલીકરણ થાય તે માટે સંબંધિત અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી. તેમજ વહેલાસર પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ આવે તેવા પ્રયાસો હાથ ધરવા માટે મંત્રણા કરવામાં આવી હતી.

# કોડીનારના અગ્રણી દ્વારા સ્વ. પુત્રની યાદમાં ૧૦૦ સ્પર્ધાત્મક પરીક્ષાર્થીઓને પુસ્તકોની ભેટ

કોડીનાર,તા.૧૭



કોડીનાર પંથકના રાજકીય અગ્રણી શીવાભાઈ સોલંકીએ પોતાના સ્વર્ગસ્થ પુત્રના જન્મદિવસને માત્ર એક સ્મૃતિ દિવસ નહીં, પરંતુ જ્ઞાન અને શિક્ષણના પ્રચારના દિવસ તરીકે ઉજવવાની એક અનોખી અને પ્રેરક પહેલ કરી છે. તેમણે સ્વ. પુત્ર મિત શિવાભાઈ સોલંકીના જન્મદિવસ નિમિત્તે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતી ૧૦૦ જરૂરિયાતમંદ બહેનોને કિંમતી પુસ્તકોની ભેટ આપીને એક ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું છે. તેમણે સામાજિક સેવાની ભાવનાથી સ્વ. મિત શિવાભાઈ સોલંકી સાર્વજનિક લાઈબ્રેરીની શરૂઆત કરી હતી. આ લાઈબ્રેરી માત્ર એક વાંચન સ્થળ નથી, પરંતુ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે એક આધુનિક સુવિધાયુક્ત કેન્દ્ર છે. આ લાઈબ્રેરી સુવિધાથી સજ્જ અને સાઉન્ડપ્રુફ છે, જે વિદ્યાર્થીઓને શાંત અને એકાગ્રતાભર્યું વાતાવરણ પૂરું પાડે છે. અહીં તમામ પ્રકાશનોના અને દરેક વિષયના પુસ્તકો ઉપલબ્ધ છે. સૌથી મહત્વની વાત એ છે કે, આ લાઈબ્રેરી તમામ જ્ઞાતિની બહેનો માટે તદન ફ્રી (મફત) છે.

# ધોરાજીમાં ખ્વાજા મોહકમુદ્દીન સેરાનીના ઉર્ષ મેળાની ઉજવણીના ભાગરૂપે બેઠક યોજાઈ

ધોરાજી,તા૧૭

સૌરાષ્ટ્રભરમાં કોમી એકતાનું ઉદાહરણ પૂરું પાડતા હજરત ખ્વાજા મોહકમુદ્દીન સેરાનીનો ૨૪૯મો ઐતિહાસિક ઉર્ષનો મેળો ૨૦ નવેમ્બરથી ૪ દિવસ માટે યોજાશે. આ ઉર્ષના મેળામાં ભારતભરમાંથી શ્રદ્ધાળુઓ ઉમટી પડશે ત્યારે દરગાહ શરીફ ખાતે તૈયારીઓ અને આયોજનના ભાગરૂપે એક બેઠક યોજાઈ હતી. જેમાં ખાદીમ દરગાહ સૈયદ વહિદ મિયા સૈયદ, ઈસ્માઈલ મિયા સૈયદ, શબ્બીર મિયા સૈયદ, ઈકબાલ મિયા સૈયદ, અમીન મિયા સૈયદ, અશરફ મિયા સૈયદ, રફીક મિયા અને મુસ્લિમ સમાજના આગેવાન અને નગરપાલિકા પૂર્વ પ્રમુખ કાસમભાઈ કુરેશી, જબ્બારભાઈ નાલબંધ અને પાલિકા સદસ્ય શબ્બીરભાઈ શમા, લોકમેળા આયોજક ઈમરાનભાઈ શમા, મોહસીનબાપુ કલીવારા, વલીભાઈ સિપાઈ ભંગારવાળા લઘુમતી ભાજપના જિલ્લા ઉપપ્રમુખ બોદું ચોહાણ, સૈયદ રફીક મિયા અને મુશીરભાઈ માંજોઠી પાલિકા સદસ્ય વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ધોરાજીમાં પાંચ પીર વિસ્તારમાંથી ફરી નવા છ દર્દીઓ સરકારી હોસ્પિટલમાં દાખલ

ધોરાજી,તા.૧૭

ધોરાજીના પાંચ પીરની વાડી વિસ્તારમાં નગરપાલિકાના પાણી સાથે ડ્રેનેજ ગટરના પાણી ભળી જતા કોલેરા જેવો રોગ ફાટી નીકળ્યો છે જેને લઈ અત્યાર સુધીમાં ૩૦થી વધુ દર્દીઓ ધોરાજીની સરકારી હોસ્પિટલમાં સારવાર લઈ ચૂક્યા છે. આજે ફરી પાછા ત્રણ બાળકો અને ત્રણ વયસ્ક હોસ્પિટલમાં સારવાર અર્થે આવેલા હોવાનું હોસ્પિટલના અધ્યક્ષક ડો. જયેશ વેસેટીયને જણાવ્યું હતું. તેમણે જણાવેલ કે તમામ દર્દીઓને એન્ટીબાયોટિક, ઓઆરએસ અને આઈવીફ્લ્યુડની સારવાર ફિઝિશિયન અને પીડીયાટ્રીક ડોક્ટર દ્વારા આપવામાં આવી રહી છે. તમામ દર્દીઓની હાલત સ્થિર છે. સરકારી હોસ્પિટલમાં ૩૦થી વધુ દર્દીઓ સારવાર લઈ ચૂક્યા છે જ્યારે ખાનગી હોસ્પિટલમાં દર્દીઓનો આંકડો ચોક્કસ જાણવા મળેલ નથી.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના ઘાટલોડીયા વિધાનસભા વિસ્તારમાં યુનિટી માર્ચનું આયોજન કરવામાં આવ્યું

અમદાવાદ,તા.૧૭

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીને લઈને વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સરદાર@૧૫૦ અંતર્ગત એકતા અને સામાજિક જાગૃતિના સંદેશ સાથે વિવિધ પ્રવૃત્તિઓના ભાગરૂપે અમદાવાદમાં ૧૬ મી નવેમ્બરથી તમામ વિધાનસભામાં દરરોજ યુનિટી માર્ચનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૭મી નવેમ્બરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના ઘાટલોડીયા વિધાનસભા વિસ્તારમાં યુનિટી માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. આંબલી ગામ ખાતે આવેલા ખોડીયાર મંદિર ખાતેથી આ યુનિટી માર્ચ પદયાત્રાનો પ્રારંભ કરીને પદયાત્રામાં જોડાયા હતાં. ઘાટલોડીયા વિધાનસભામાં આવતા બોપલ ઓવરબ્રિજ પાસેના આંબલી ગામ નજીક ખોડીયાર માતાના મંદિરથી આ યુનિટી માર્ગ પદયાત્રાનો રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શુભારંભ કરાવ્યો. સરદાર સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરીને પદયાત્રા શરૂ કરવામાં આવી. ૩.૫ કિલોમીટરથી વધુ લાંબી આ યાત્રા ઘાટલોડીયા વિધાનસભા વિસ્તારમાં અલગ અલગ રોડ પર ફરી પૂર્ણ થઈ હતી.

# જસદણમાં રૂ.૭૧.૩૨ લાખનો ગાંજાનો જથ્થો ઝડપાયો, વાડીના માલિકની ધરપકડ

જસદણ, તા.૧૭





ગુજરાતમાં માદક પદાર્થોના ગેરકાયદેસર વ્યવહાર સામે પોલીસ તંત્રની સતત કાર્યવાહી ચાલુ છે. રાજકોટ જિલ્લાના જસદણ તાલુકામાં આ ઝુંબેશ હેઠળ મોટો કિસ્સો બહાર આવ્યો છે. રાજકોટ રૂરલ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG)એ રાણીંગપર ગામની સીમમાં આવેલા એક ખેતરમાં દરોડો પાડી રૂ.૭૧.૩૨ લાખની કિંમતના ગાંજાના વાવેતરનો ભાંડાફોડ કર્યો છે. પોલીસે ખેતરમાંથી કુલ ૧૪૨ કિલોગ્રામ વજનના ગાંજાના લીલાછોડ જપ્ત કર્યા છે. માધક પદાર્થ વિરુદ્ધની કાર્યવાહી દરમિયાન SOG ટીમને હેડ કોન્સ્ટેબલ વિજયભાઈ વેગડ અને ચંદુભાઈ પલાળીયા દ્વારા ચોક્કસ બાતમી મળી હતી કે રાયધન રત્નાભાઈ સોમાણી નામનો ખેડૂત પોતાની વાડીમાં ગેરકાયદે ગાંજાનું વાવેતર કરી રહ્યો છે. પીઆઈ એફ. એ. પારગી તથા પીએસઆઈ કે.એમ. ચાવડા સહિતની ટીમે તાત્કાલિક દરોડો પાડતા આખા ખેતરમાં વ્યાપક પ્રમાણમાં ગાંજાના છોડ મળ્યા હતા. પોલીસે સ્થળ પરથી મુદ્દામાલ જપ્ત કરીને વાડી માલિક રાયધન સોમાણીની ધરપકડ કરી હતી. તેની પાસેથી મોબાઈલ ફોન સહિત કુલ રૂ.૭૧.૩૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આરોપી સામે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધાયો છે. વધુમાં, રાયધન સોમાણી સામે અગાઉ જુગાર અને વાહન ચોરી જેવા ગુના નોંધાયા હોવાની માહિતી મળી છે. ભાડલા પોલીસે તપાસ શરૂ કરી છે.


## વિષય :- દસ્તાવેજ કરતા પુર્વેની જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર દેવરાજ વી ખાંભલીયા એડવોકેટ એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસ થી જાણ/તાકીદ કરવામા આવે છે.અમારા અસીલ ની સુચના અને ફરમાઈશ જેની આ જાહેર નોટીસ આપી જણાવુ છુ.

અમરેલી ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ તાલુકો :- લીલીયા, મોજેઃ-પુંજાપાદર ના ખેડ ખાતા નં.૬૮૩, જેના સર્વે નં.૫૫૬ જેનુ કુલ.ક્ષેત્રફળઃ-૦-૬૭-૫૪ હે.આરે.ચો.મી.છે. જે જુની શરત ની છે.જે ખેતીની પીયત જમીન સદરહુ જમીનના માલીક, કબજેદાર અને ધારણકર્તા (૧)પટોળીયા ચકુભાઈ હરીભાઈ(૨) જયંતીભાઈ ચકુભાઈ પટોળીયા(૩)પુનાભાઈ ચકુભાઈ પટોળીયા (૪) પ્રકાશભાઈ ચકુભાઈ પટોળીયા ના સ્વતંત્ર/સયુંક્ત નામે ચાલી આવેલ છે મજકુર મિલક્ત ના ટાઈટલ સંપુર્ણ ચોખ્ખા, કલીયર, માર્કેટેબલ હોવાનુ જણાવીને તેમજ મજકુર મિલક્તમા તેઓ સીવાય અન્ય કોઈ નો કોઈ પણ પ્રકાર નો હકક, હીત, હીસ્સો, લાગ ભાગ ચાલી આવેલ નથી તેવું જણાવીને મજકુર મિલક્ત અમારા અસીલને વેચાણ આપવા માટે નકકી કરેલછે. જેથી સદરહુ મિલક્ત માજો કોઈ નો વાંધો વિરોધ કે હકક, હીત, સંબંધ, લાગભાગ, દરદાવો કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈ પણ રીતે હકક હીસ્સો હોય અથવા તો કોઈ બેંક કે સંસ્થાનુ લેક્ષુ હોય અગર તો તબદીલી અંગેના કોઈ પણ લખાણો હોય તો તેઓએ નીચે ના સરનામે દિન-૭ મા પુરાવા સહીત લેખીત જાણ કરવી.જો તેમ કરવા માકસુર થશે તોઆ નોટીસ ની મુદત વિત્યે સદર મિલક્તમા કોઈ વ્યક્તિ કે સંસ્થાના કોઈ પણ પ્રકારનો હકક, હીત, હીસ્સો કે લેવું નથી અને હોય તો જતો કરેલ છે તેમાની અમારા અસીલ મજકુર મિલ્કત વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યાર પછી કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા ની કોઈ પણ જાતની તકરાર વાંધો વિરોધ ચાલશે નહી અને તેવા ઈસમોને કોઈ પણ જાતના હકકો પ્રાપ્ત થશે નહી,જેની જનતાને નોધ લેવી.

સરનામુઃ-
દેવ કોર્પોરેટ ઓફીસ
ગ્રામ પંચાય કચેરીની સામે,
લીલીયા મોટા–૩૬૫૫૩૫
મો.૮૪૬૦૪૪૮૧૮૨,
મો.,૯૪૨૬૫ ૫૪૧૭૨

સહી
લી.આપનો વિશ્વાસુ

### મક્કા મદીના જતી વખતે એક પેસેન્જર બસ ડીઝલ ટેન્કર સાથે અથડાઈ

# સાઉદી અરેબિયામાં થયેલા અકસ્માતમાં ૪૨ ભારતીયોના મોત

(એચ.એસ.એલ),મક્કા,તા.૧૭

સાઉદી અરેબિયામાં એક દુઃખદ માર્ગ અકસ્માત થયો છે. અકસ્માતમાં ૪૨ ભારતીય મુસાફરોના મોત થયા છે. મોટાભાગના મૃતકો હૈદરાબાદના હતા. આ અકસ્માત ત્યારે થયો જ્યારે મક્કાથી મદીના જતી એક પેસેન્જર બસ ડીઝલ ટેન્કર સાથે અથડાઈ. આ અકસ્માત મુફરરીહાટ વિસ્તારમાં થયો હોવાનું કહેવાય છે. અકસ્માત બાદ ઈમરજન્સી ટીમોએ તાત્કાલિક બચાવ અને રાહત કામગીરી શરૂ કરી હતી.

મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ સાઉદી અરેબિયામાં થયેલા દુઃખદ અકસ્માત પર ઊંડો શોક વ્યક્ત કર્યો. મક્કાથી મદીના જતી વખતે આ અકસ્માત થયો અને હૈદરાબાદના રહેવાસીઓ પણ તેમાં સામેલ હતા તેવા પ્રારંભિક અહેવાલો પર તાત્કાલિક પ્રતિક્રિયા આપતા મુખ્યમંત્રીએ મુખ્ય સચિવ અને પોલીસ મહાનિર્દેશકને સંપૂર્ણ માહિતી મેળવવાનો નિર્દેશ આપ્યો.



વિદેશ મંત્રી એસ. જયશંકરે સાઉદી અરેબિયામાં થયેલા અકસ્માત પર દુઃખ વ્યક્ત કર્યું અને જણાવ્યું કે રિયાધમાં દૂતાવાસ અને જેદ્દાહમાં કોન્સ્યુલેટ જનરલ અકસ્માતથી પ્રભાવિત ભારતીય નાગરિકો અને તેમના પરિવારોને શક્ય તેટલી બધી સહાય પૂરી પાડી રહ્યા છે. તેમણે કહ્યું, ''સાઉદી અરેબિયાના મદીનામાં ભારતીય નાગરિકો સાથે થયેલા અકસ્માતથી અમને ખૂબ જ દુઃખ થયું છે. રિયાધમાં અમારું દૂતાવાસ અને જેદ્દાહમાં કોન્સ્યુલેટ જનરલ આ અકસ્માતથી પ્રભાવિત ભારતીય નાગરિકો અને તેમના પરિવારોને શક્ય તેટલી બધી સહાય પૂરી પાડી રહ્યા છે. અમે શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરીએ છીએ. ઘાયલોના ઝડપી સ્વસ્થ થવાની પ્રાર્થના કરીએ છીએ.''

બસમાં સવાર તમામ ભારતીય મુસાફરો ઉમરાહ યાત્રા પૂર્ણ કરીને મદીના પરત ફરી રહ્યા હતા. બાજુમાંથી આવતા ડીઝલ ટેન્કરે બસને ટક્કર મારી ત્યારે મોટાભાગના લોકો ઊંઘમાં હતા. ટક્કર એટલી ગંભીર હતી કે બસને ભારે નુકસાન થયું અને તેમાં આગ લાગી ગઈ. સાઉદી બચાવ ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ અને બચાવ કામગીરી શરૂ કરી. ઘણા મુસાફરો ગંભીર રીતે ઘાયલ થયા હોવાના અહેવાલ છે.

સાઉદી અરેબિયાના મદીના નજીક ભારતીય ઉમરાહ યાત્રાળુઓ સાથે થયેલા દુઃખદ બસ અકસ્માતને પગલે, જેદ્દાહમાં ભારતીય કોન્સ્યુલેટ જનરલે હેલ્પલાઈન નંબર જાહેર કર્યો છે. મક્કા-મદીના હાઈવે ઉમરાહ અને હજ યાત્રાળુઓ માટે સૌથી વ્યસ્ત માર્ગ છે. દર વર્ષે હજારો ભારતીયો આ માર્ગ પર મુસાફરી કરે છે.

## કેશ-ફોર-ક્વેરી કેસમાં મહુઆ મોઈત્રા સામે ચાર્જશીટ દાખલ કરવા લોકપાલ કોર્ટે લીલી ઝંડી આપી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૭

લોકપાલે સીબીઆઈને કેશ-ફોર-ક્વેરી કેસમાં તૃણમૂલ કોંગ્રેસના સાંસદ મહુઆ મોઈત્રા સામે ચાર્જશીટ દાખલ કરવા માટે ''લીલી ઝંડી'' આપી દીધી છે. સીબીઆઈએ આગામી ચાર અઠવાડિયામાં સંબંધિત કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવી પડશે. ચાર્જશીટની એક નકલ લોકપાલ કોર્ટમાં પણ સુપરત કરવી પડશે.

કેશ-ફોર-ક્વેરી કેસમાં મહુઆ મોઈત્રાનું લોકસભા સભ્યપદ રદ કરવામાં આવ્યું હતું. જોકે, ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં તેઓ ફરીથી સંસદમાં ચૂંટાયા હતા. લોકપાલ નિર્દેશ આપે છે, ''લોકપાલ અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૨૦(૭) અને કલમ ૨૩(૧) મુજબ, **CBI** એ આગામી ચાર અઠવાડિયામાં આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરવી પડશે. ચાર્જશીટની એક નકલ લોકપાલની ઓફિસમાં પણ સુપરત કરવી પડશે.'' જોકે, સંબંધિત કોર્ટમાં ચાર્જશીટ દાખલ થયા પછી તરત જ કાનૂની પ્રક્રિયા શરૂ થતી નથી.

## દિલ્હી લાલ કિલ્લા બ્લાસ્ટમાં વધુ ચોંકાવનારા તથ્યો બહાર આવ્યા, આરોપીએ નેપાળથી મોબાઈલ ખરીદ્યા હોવાનો ખુલાસો

નવી દિલ્હી,તા.૧૭

દિલ્હીમાં લાલ કિલ્લાની સામે થયેલા વિસ્ફોટની તપાસ જેમ જેમ આગળ વધી રહી છે, તેમ તેમ ઘણા ચોંકાવનારા તથ્યો બહાર આવી રહ્યા છે. કાનપુરનું દિલ્હી વિસ્ફોટ કેસ સાથે જોડાણ હવે બહાર આવ્યું છે. **NIA** તપાસમાં ખુલાસો થયો છે કે ડૉ. પરવેઝ (ડૉ. શાહીનના ભાઈ), કાર્ડિયોલોજિસ્ટ ડૉ. આરિફ અને ડૉ. ફારૂક અહેમદ ડાર બ્લાસ્ટના એક કલાક પહેલા સુધી ડૉ. ઉમર (કારમાં વિસ્ફોટ કરનાર વ્યક્તિ) ના સંપર્કમાં હતા. તેમની ધરપકડ પહેલાં, ડૉ. શાહીન અને ડૉ. મુઝમ્મિલ ૮ નવેમ્બરની સવાર સુધી ઉમરના સીધા સંપર્કમાં હતા. એવું પણ બહાર આવ્યું છે કે વિસ્ફોટનું આયોજન ૨ ઓક્ટોબરે શરૂ થયું હતું અને ૨૮ ઓક્ટોબરે તેને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું. લાલ કિલ્લા પર વિસ્ફોટ



કરવા માટે નેપાળથી ખરીદેલા સાત સેકન્ડ હેન્ડ મોબાઈલ ફોનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. કુલ ૧૭ સિમ કાર્ડનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેમાંથી છ કાનપુરથી ખરીદવામાં આવ્યા હતા. આમાંથી બે સિમ કાર્ડ બેકનગંજ આઈડી સાથે ઓળખાયા હતા, જેના આધારે સુરક્ષા એજન્સીઓ કાર્યવાહી કરી રહી છે. દિલ્હી પોલીસ સ્પેશિયલ સેલે ડૉ. પરવેઝના સાળા અને બેકનગંજમાં કપડાની દુકાનના માલિક ઉસ્માનની છ કલાક પૂછપરછ કરી હતી, પરંતુ હજુ સુધી કોઈ મહત્વપૂર્ણ માહિતી મળી નથી.

## સાધ્વી પ્રાચી આર્યએ સનાતન ધર્મના રક્ષણ માટે કટોકટીની સ્થિતિની માંગ કરી

(એચ.એસ.એલ),બાગપત,તા.૧૭

વિશ્વ હિન્દુ પરિષદના સભ્ય સાધ્વી પ્રાચી આર્યએ સનાતન ધર્મના રક્ષણ માટે કટોકટીની સ્થિતિની માંગ કરી. તેમણે કહ્યું કે જો વડાપ્રધાન મદરેસાઓની તપાસ કરશે, તો તેમને ત્યાં શસ્ત્રોનો ભંડાર મળશે. ઉત્તર પ્રદેશના બાગપતમાં એક સભા દરમિયાન, સાધ્વીએ જણાવ્યું હતું કે વડાપ્રધાનને પત્ર લખીને મદરેસાઓની તપાસ અને સનાતન ધર્મના રક્ષણ માટે કટોકટી લાદવાની માંગ કરવામાં આવશે.

સાધ્વી પ્રાચીએ કહ્યું કે જો ઈન્દિરા ગાંધીના વડાપ્રધાન પદને બચાવવા માટે રાષ્ટ્રીય કટોકટી લાદી શકાય છે, તો સનાતન ધર્મને બચાવવા માટે પણ કટોકટી લાદવી જોઈએ. દિલ્હી બોમ્બ વિસ્ફોટો પર ચિંતા વ્યક્ત કરતાં તેમણે કહ્યું કે અગાઉ, પંચર રિપેર કરનારા અને શેરી વિક્રેતાઓએ બોમ્બ વિસ્ફોટ કર્યા હતા, પરંતુ હવે ડોકટરો પણ તેમાં જોડાયા છે. તેમણે તે બધા સામે કડક કાર્યવાહીની માંગ કરી.

## બિહાર ચૂંટણીમાં હાર બાદ મુકેશ સહાની બોલ્યા એનડીએને પૈસાના આધારે જનાદેશ મળ્યો

પટણા,તા.૧૭

બિહાર ચૂંટણીમાં હાર બાદ, વિકાસશીલ ઈન્સાન પાર્ટીના વડા મુકેશ સાહનીએ રાષ્ટ્રીય લોકશાહી જોડાણ પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું, ''ચૂંટણીઓ કાં તો જીત હોય છે કે હાર. મહાગઠબંધન ચોક્કસપણે તે સફળતા પ્રાપ્ત કરવામાં નિષ્ફળ ગયું જે તેને મળવી જોઈતી હતી.'' એનડીએ જીતી ગયું છે, અને અમે તેમને અભિનંદન આપીએ છીએ. અમે તેમના હાઈકમાન્ડને અભિનંદન આપીએ છીએ.'' આ દરમિયાન, તેમણે કટાક્ષમાં કહ્યું કે એનડીએને જનાદેશ મળ્યો નથી.

મુકેશ સાહનીએ આરોપ લગાવ્યો કે એનડીએને પૈસાના આધારે જનાદેશ મળ્યો છે, જે લોકશાહીની વિરુદ્ધ છે. ચૂંટણી દરમિયાન કોઈને પણ પૈસા



આપવા એ પોતે જ એક ગંભીર પ્રશ્ન છે. દેશભરમાં એક રીલ ચાલી રહી છે: ''તમને ૧૦,૦૦૦ રૂપિયામાં શું મળે છે?'' ''તમને ૧૦,૦૦૦ રૂપિયામાં બિહાર સરકાર મળે છે.'' હવે, એ આશ્ચર્યજનક છે કે દેશમાં આ પ્રકારની પ્રવૃત્તિ ચાલી રહી છે. પહેલાં, શક્તિશાળી અને શ્રીમંત લોકો હતા જેઓ ગરીબોને પૈસા આપીને મત ખરીદતા હતા અને સરકાર બનાવતા હતા. પછી તેઓ ધારાસભ્યો અને મંત્રીઓ બનતા હતા. વાસ્તવમાં, તે ગેરકાયદેસર હતું.

## બિહારમાં લગ્નના મહેમાનો પર કાર ફરી વળતા ચાર લોકોના કરૂણ મોત

(એચ.એસ.એલ),બેતિયા,તા.૧૭

બિહારના બેતિયા જિલ્લામાં ભયાનક માર્ગ અકસ્માત થયો. એક ઝડપી કારે લગ્નના મહેમાનોના જૂથને કચડી નાખ્યું, જેમાં ચાર લોકોના દુઃખદ મોત થયા અને એક ડઝનથી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા.

બેત્તિયા જિલ્લાના લૌરિયા-બાગાહા મુખ્ય માર્ગ પર વિષ્ણુપુરવા નજીક ગઈકાલે મોડી રાત્રે થયેલા ભયાનક માર્ગ અકસ્માતમાં ચાર લોકોના દુઃખદ મોત થયા હતા અને એક ડઝનથી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, ઝડપી ગતિએ આવતી કારે કાબુ ગુમાવ્યો હતો અને રસ્તાની બાજુમાં ઉભેલા લગ્નના મહેમાનોની ભીડ પર ઘૂસી ગઈ હતી. ટક્કર એટલી ગંભીર હતી કે ઘટનાસ્થળ અસ્તવ્યસ્ત અને



ગભરાટથી ભરેલું હતું.

અકસ્માત બાદ, ઘાયલોને લૌરિયા સામુદાયિક આરોગ્ય કેન્દ્રમાં લાવવામાં આવ્યા હતા, જ્યાં પરિસ્થિતિ એટલી તંગ હતી કે ઘણા ઘાયલોની ઓળખ કરવી મુશ્કેલ હતી. સારવાર દરમિયાન એક યુવાનનું મોત નિપજ્યું હતું, જ્યારે અન્ય ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા.

એવું જાણવા મળ્યું છે કે લગ્નનું સરઘસ નરકટિયાગંજના માલદહિયા પોખરિયાથી વિષ્ણુપુરવા આવી રહ્યું હતું.

## નવ રાજ્યો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોમાં એસઆઈઆર પ્રક્રિયા ઝડપથી આગળ વધી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૭

નવ રાજ્યો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોમાં એસઆઈઆર પ્રક્રિયા ઝડપથી આગળ વધી રહી છે. ચૂંટણી પંચે અહેવાલ આપ્યો કે આ વિસ્તારોમાં રહેતા ૫૧૦ મિલિયન મતદારોમાંથી ૪૯૦ મિલિયનને મતગણતરી ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું છે. ચૂંટણી પંચે રવિવારે જણાવ્યું હતું કે ૪



નવેમ્બરથી મતદારયાદીઓનું ખાસ સઘન પુનરાવર્તન શરૂ થયું ત્યારથી પશ્ચિમ બંગાળમાં ૭૬.૧ મિલિયન મત ગણતરી ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું છે. એક કમિશન અધિકારીએ જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં ૯૯.૪૨ ટકા મતદારોનો આ પ્રક્રિયામાં સમાવેશ કરવામાં આવ્યો છે. અધિકારીએ જણાવ્યું હતું કે, ''રવિવારે રાત્રે ૮ વાગ્યા સુધીમાં આ પ્રક્રિયામાં અંદાજિત ૭૬.૧ મિલિયન લોકોનો સમાવેશ કરવામાં આવ્યો છે.''

## છેલ્લા ૨૪ કલાકમાં, ઘણા ઉત્તર ભારતીય શહેરોમાં તાપમાનમાં ઘટાડો થયો

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૭

ઉત્તર ભારતમાં શિયાળાની અસર સતત વધી રહી છે. દરરોજ તાપમાન ઘટી રહ્યું છે. પહાડી વિસ્તારોમાં બરફવર્ષાથી મેદાનોમાં ઠંડી વધી છે. છેલ્લા ૨૪ કલાકમાં, ઘણા ઉત્તર ભારતીય શહેરોમાં તાપમાનમાં ઘટાડો થયો છે. ઉત્તર ભારતમાં ઠંડી વધી રહી છે, ત્યારે ઘણા દક્ષિણ ભારતીય રાજ્યોમાં વરસાદ ચાલુ છે. હવામાન વિભાગ કહે છે કે આ હવામાન પેટર્ન આગામી થોડા દિવસો સુધી ચાલુ રહી શકે છે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હી હાલમાં પ્રદૂષણનો સામનો કરી રહી છે. રાષ્ટ્રીય રાજધાનીના ઘણા વિસ્તારોમાં હવા ગુણવત્તા સૂચકાંક જોખમી શ્રેણીમાં છે. દરમિયાન, દિલ્હી-એનસીઆરમાં પણ ઠંડી વધવાનું શરૂ થયું છે. સવાર અને સાંજે લોકો હળવી ઠંડીનો અનુભવ કરી રહ્યા છે.

## આતંકી આમીરને કોર્ટે ૧૦ દિવસની એનઆઈએ કસ્ટડીમાં મોકલ્યો

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૭

દિલ્હીમાં થયેલા મોટા આતંકવાદી વિસ્ફોટના સંબંધમાં ધરપકડ કરાયેલ ઉમરના સાથી આમીરને પટિયાલા હાઉસ કોર્ટે ૧૦ દિવસ માટે રાષ્ટ્રીય તપાસ એજન્સીની કસ્ટડીમાં મોકલ્યો છે. એનઆઈએ દ્વારા કોર્ટમાં રજૂ કરાયેલી દલીલો અને કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને આ




નિર્ણય લેવામાં આવ્યો હતો. કડક સુરક્ષા વચ્ચે આમીરને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. સુનાવણી બંધ રૂમમાં થઈ હતી. મીડિયાને સુનાવણીમાં હાજર રહેવાની મંજૂરી નહોતી. આરોપીને જિલ્લા ન્યાયાધીશ અંજુ બજાજ ચંદનાની કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો.

દિલ્હીના લાલ કિલ્લા વિસ્તારમાં કાર બોમ્બ વિસ્ફોટની તપાસ કરી રહેલી રાષ્ટ્રીય તપાસ એજન્સીએ એક કાશ્મીરી રહેવાસીની ધરપકડ કરી છે.

## દિલ્હી બ્લાસ્ટની આરોપી ડૉ. શાહીનનું પાકિસ્તાન અને તુર્કી કનેકશન ખુલ્યું

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૭

જેમ જેમ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) અને ઉત્તર પ્રદેશ એટીએસ દ્વારા ફરીદાબાદ આતંકવાદી મોડ્યુલ અને દિલ્હી લાલ કિલ્લા વિસ્ફોટની તપાસ આગળ વધી રહી છે, તેમ તેમ એ સ્પષ્ટ થઈ રહ્યું છે કે ડૉ. શાહીન ભારતમાં આતંકવાદી મોડ્યુલના વિકાસ અને ત્યારબાદ દિલ્હી લાલ કિલ્લા વિસ્ફોટમાં મુખ્ય ખેલાડી હતી. છેલ્લા બે દિવસમાં, ઉત્તર પ્રદેશ એટીએસએ ૨૪ થી વધુ વ્યક્તિઓની પૂછપરછ કરી છે. ઘણા શંકાસ્પદો હજુ પણ તેમની કસ્ટડીમાં હોવાનું કહેવાય છે. ઉત્તર પ્રદેશ **ATS** આ શંકાસ્પદો પાસેથી ડૉ. શાહીન અને તેના ભાઈ



ડૉ. પરવેઝ વિશે માહિતી એકઠી કરી રહી છે. સૂત્રો સૂચવે છે કે પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદે ડૉ. શાહીનને હવાલા દ્વારા ૨૦ લાખ રૂપિયા મોકલ્યા હતા. તપાસ એજન્સી હવે આ હવાલા નેટવર્કના ગુનેગારોને પકડવાનો પ્રયાસ કરી રહી છે. સૂત્રો સૂચવે છે કે અત્યાર સુધીની તપાસમાં ખુલાસો થયો છે કે ડૉ. શાહીન માર્ચ ૨૦૨૨ માં તુર્કી ગઈ હતી. તે તુર્કીમાં આતંકવાદી હેન્ડલર્સ સાથે મળી હતી. તે પછી જ, તેને ભારતમાં હવાલા દ્વારા ૨૦ લાખ મળ્યા હતા. આ પૈસાનો ઉપયોગ ઉત્તર પ્રદેશના હાપુડ અને સહારનપુરમાં આતંકવાદી તાલીમ કેન્દ્રો અને સલામત ઘરો ખોલવા માટે થવાનો હતો. અત્યાર સુધીની તપાસમાં જાણવા મળ્યું છે કે ડૉ. શાહીનના કુલ ૭ બેંક ખાતા હતા, જેમાંથી ત્રણ કાનપુરમાં અને બે લખનૌમાં હતા. આ બધી બેંકોમાં ૧.૫૫ કરોડના વ્યવહારો થયા હતા.

## આફ્રિકાના કોંગો દેશમાં ખાણનો પુલ તૂટી પડતા ૩૨ લોકોના મોત

કોંગો,તા.૧૭

આફ્રિકન દેશ કોંગોમાં એક હૃદયદ્રાવક અકસ્માત થયો છે. અહેવાલો અનુસાર, ખાણનો પુલ તૂટી પડવાથી ઓછામાં ઓછા ૩૨ લોકોના મોત થયા છે. રવિવારે સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર, દક્ષિણપૂર્વ કોંગોમાં પુલ તૂટી પડવાની ઘટના બની હતી. પ્રાંતીય ગૃહમંત્રી રોય કુમ્બા માયોન્ડેએ મૃત્યુઆંક ૩૨ ગણાવ્યો હતો, પરંતુ



અહેવાલો દર્શાવે છે કે ઓછામાં ઓછા ૪૦ લોકો માર્યા ગયા હતા. અહેવાલો અનુસાર, તાંબા અને કોબાલ્ટ ખાણમાં પુલ તૂટી પડવાથી મૃત્યુ થયા. એક અધિકારીએ જણાવ્યું હતું કે લુઆલાબા પ્રાંતના મુલોન્ડોમાં કાલાન્ડો ખાણમાં પુલ તૂટી પડ્યો હતો. પ્રાંતીય ગૃહમંત્રી રોય કુમ્બા માયોન્ડેએ જણાવ્યું હતું કે, ''ભારે વરસાદ અને ભૂસ્ખલનના જોખમને કારણે પ્રવેશ પર કડક પ્રતિબંધ હોવા છતાં ગેરકાયદેસર ખોદકામ કરનારાઓ ખાણમાં બળજબરીથી પ્રવેશ્યા હતા.''

## સંજોગ ન્યૂઝ પરિવારના મોભી ભીખાભાઈ દેસાઈ (માજી સરપંચ)નું નિધન થતા

# પીઠવાજાળ ગામે રાજકિય, સામાજિક આગેવાનો અને સાધુ-સંતોએ દેસાઈ પરિવારને સાંત્વના પાઠવી







અમરેલી,તા.૧૭

સંજોગ ન્યૂઝ પરિવારના મોભી અને નિલેશભાઈ તથા સુરેશભાઈ દેસાઈના પિતાશ્રી અને પીઠવાજાળ ગામના માજી સરપંચ ભીખાભાઈ દેસાઈનું ટૂંકી બીમારી બાદ નિધન થતા દેસાઈ પરિવારમાં શોકનો માહોલ છવાયો છે. આ દુઃખદ સમાચાર મળતા જ રાજકિય, સામાજિક આગેવાનો અને સાધુ-સંતોએ પીઠવાજાળ ગામે જઈ દેસાઈ પરિવાર પર આવી પડેલી દુઃખની ઘડીમાં સહભાગી થઈ દેસાઈ પરિવારને સાંત્વના પાઠવી હતી.

## વિસાવદર પંથકમાં કમોસમી વરસાદથી પાક નિષ્ફળ જતા ખેડૂતે કર્યો આપઘાત

વિસાવદર,તા.૧૭

વિસાવદર પંથકમાં પડેલા કમોસમી વરસાદ અને માવઠાને કારણે ખેડૂતોની આર્થિક સ્થિતિ અત્યંત દયનીય બની છે. પાક નિષ્ફળ જવાથી ગંભીર આર્થિક સંકડામણના કારણે ઈશ્વરીયા ગામના ૪૨ વર્ષીય ખેડૂતે આત્મહત્યા કરી લીધી હોવાની હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ખેડૂતના આ અંતિમ પગલાથી સમગ્ર પંથકમાં ગમગીની અને ચિંતાનું મોજું ફરી વળ્યું છે. મૃતક શૈલેષ દેવજીભાઈ સાવલીયા તેમની પત્ની, ૧૧ વર્ષનો દીકરો અને એક ૧૬ વર્ષની દીકરી સાથે રહેતા હતા. શૈલેષભાઈને સવા દસ વીઘા જેટલી જમીન હતી, જે તેમના પરિવારના ગુજરાનનો એકમાત્ર આધાર હતી. તેણે ચાલુ વર્ષે પોતાની આ જમીનમાં મગફળી, ડુંગળી અને તુવેર જેવા મહત્ત્વના પાકનું વાવેતર કર્યું હતું, પરંતુ કાપણીના સમયે જ કમોસમી વરસાદ તૂટી પડતા, ખેડૂતની મહેનત પર પાણી ફરી વળ્યું હતું. શૈલેષ સાવલિયાએ વાવેલા ત્રણેય પાક સંપૂર્ણપણે નિષ્ફળ જતા તેમને પારાવાર નુકસાન થયું હતું.

## અમદાવાદનો પૂર્વ વિસ્તાર અકસ્માત ઝોન બન્યો : બે દિવસમાં પાંચના મોતથી અરેરાટી

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૧૭

અમદાવાદનો પૂર્વ વિસ્તાર જાણે અકસ્માત ઝોન બની ગયો છે. આ વિસ્તારમાં છેલ્લા ૪૮ કલાકમાં પાંચના મોત થયા છે અને પાંચ ઈજા પામ્યા છે. આમ અકસ્માતોની જાણે હારમાળા સર્જાઈ છે. આ પુરાવો છે કે અમદાવાદમાં કારચાલકો કેવા બેફામ બન્યા છે. સિંગરવા ભુવલડી ગામ નજીક એક કારચાલકે રસ્તાની બાજુમાં કામ કરતા મજૂરોને ટક્કર



મારી હતી, જેમાં એક મજૂરનું મોત થયું હતું અને ત્રણ અન્ય ઘાયલ થયા હતા. ઉપરાંત, દાણીલીમડામાં, એક્ટિવા પર મુસાફરી કરી રહેલા એક દંપતી પણ અકસ્માતનો ભોગ બન્યું હતું. અગાઉ ગોમતીપુરના રહેવાસી ૫૮ વર્ષીય દિનેશભાઈ તે શૈલેષભાઈ સાથે રાવાડી તરફથી આવતા એક ટુ-વ્હીલર વાહને ટક્કર મારી હતી. તેમનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. એચ ડિવિઝન ટ્રાફિક પોલીસે શૈલેષભાઈ પટેલ વિરુદ્ધ ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. દિવસમાં અગાઉ દાહોદના રહેવાસી ૩૦ વર્ષીય વસંતબેન બારિયાને એક ઝડપી ગતિએ આવતી વર્ના કારે તેમને ટક્કર મારી. જ્યાં વસંતબેનનું સારવાર દરમિયાન મૃત્યુ થયું.

## પાવી જેતપુર જતા સિમેન્ટના ટેન્કરમાંથી ૨.૭૦ કરોડનો વિદેશી દારૂ ઝડપી પાડતી પોલીસ

છોટાઉદેપુર,તા.૧૭

છોટાઉદેપુરથી પાવીજેતપુર તરફ જતા મોટા ટેન્કરમાંથી અંદાજે રૂ. ૨.૭૦ કરોડનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. સિમેન્ટના જથ્થાની આડમાં આટલા મોટા જથ્થામાં દારૂની હેરફેર થતી હોવાની બાતમીને આધારે આ કાર્યવાહી થઈ છે, જેમાં પોલીસે રાજસ્થાનના બાડમેરના મહેશ જાટ નામના વ્યક્તિની ધરપકડ પણ કરી છે.

વિગતવાર વાત કરીએ તો, એલસીબી પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે પાવીજેતપુર તરફ જતા એક ટેન્કરમાં સિમેન્ટના જથ્થાની આડમાં મોટા પ્રમાણમાં દારૂની હેરાફેરી કરવામાં આવી રહી છે. આ બાતમીના આધારે પોલીસે અલગ-અલગ ટીમો તૈનાત કરી અને તપાસ શરૂ કરી હતી. દરમિયાન પોલીસની એક ટીમે હાઈવે પર જતા એક ટેન્કરને શંકાના આધારે રોકીને તેની તપાસ કરી હતી. દરમિયાન ટેન્કરમાં છૂટા સિમેન્ટની આડમાં છુપાવીને લઈ જવાતો દારૂનો જથ્થો પકડાઈ ગયો હતો.

## ચૂંટણીમાં કોઈ બહુરુપિયો આવે તો તેને જૂતાનો હાર પહેરાવજો : ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલા

વડોદરા,તા.૧૭



સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલા ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. વાઘોડિયામાં ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલા નામ લીધા વગર વિરોધીઓ પર વરસ્યા હતા. ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ સ્ટેજ પરથી વિરોધીઓને આડે હાથ લીધા હતા. પૂર્વ દબંગ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવને નામ લીધા વગર કટાક્ષ કર્યો હતો. ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ પોતાના સંબોધનમાં આક્રમક વલણ અપનાવતા કહ્યું કે, ૨૦૨૨ની ચૂંટણીમાં જેમણે ડિપોઝિટ ગુમાવી હતી, તેવા લોકો ફરી પાછા આવીને વાઘોડિયાની જનતાની સેવા કરવાની વાત કરે છે. આવનારી ચૂંટણીમાં કોઈપણ બહુરુપિયા આવે તો તેને આપણા ગામમાં પ્રવેશવા દેતા નહીં. જૂતાનો હાર પહેરાવી રવાના કરજો. ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાના નિવેદનથી વડોદરામાં રાજકીય ગરમાવો આવ્યો છે. તેઓએ આગળ કહ્યું હતું કે, તાલુકા, જિલ્લા પંચાયતની ચૂંટણીમાં કોઈ બહુરૂપિયો આવે તો જૂતાનો હાર પહેરાવી રવાના કરજો.

## રાજકોટ ફાયરિંગ કેસ : પતિના આપઘાત બાદ પત્નીનું પણ મોત

(એચ.એસ.એલ),રાજકોટ,તા.૧૭



રાજકોટ શહેરના બહુચર્ચિત કાકી ભત્રીજાના પ્રેમપ્રકરણ કેસમાં મોટો વળાંક આવ્યો છે. ૧૮ વર્ષીય યુવકના પિતા લાલજીભાઈએ તેમની જ પત્ની તૃષાબેન પઢીયાર પર ફાયરિંગ કરી પોતે પણ લમણે ગોળી મારી આપઘાત કરી લીધો હતો. આ કેસમાં પતિના મોત બાદ હવે પત્નીનું પણ મોત નિપજ્યું છે. આ ઘટના બાદ પત્ની હોસ્પિટલમાં સારવાર હેઠળ હતી. જોકે, હવે આ આખો પરિવાર વિખેરાઈ ગયો છે. આ સમગ્ર ઘટના મામલે હાલ પોલીસની તપાસ તથા ઘટનામાં ભોગ બનનાર પરિવારજનોના નિવેદનના આધારે ચોંકાવનારા તથ્યો સામે આવી રહ્યા છે.

રાજકોટના નાગેશ્વર મેઈન રોડ પર સમેત શિખર એપાર્ટમેન્ટમાં છેલ્લા દોઢેક માસથી બહેનપણી સાથે રહેતી ૩૯ વર્ષની મહિલા તૃષાબેન પઢીયાર પર શનિવારે સવારે તેના પતિ લાલજીભાઈએ લાયસન્સવાળી પિસ્તોલમાંથી ફાયરિંગ કર્યું હતું. જે બાદ પોતાના લમણે પણ ગોળી મારીને આત્મહત્યા કરી લીધી હતી. આ ઘટનામાં તૃષાબેનની હાલત ગંભીર હતી અને તેમની સારવાર ચાલી રહી હતી. જેમનું મોત થયાના સમાચાર મળી રહ્યા છે. પત્ની તૃષાબેનને ભત્રીજા વિશાલ ગોહેલ સાથે પ્રેમસંબંધ હતો.






## ઠાકોર-કોળી સમાજને યોગ્ય પ્રતિનિધિત્વ આપવામાં આવે : ઋષિ ભારતી બાપુ

ગાંધીનગર,તા.૧૭

ગુજરાતના રાજકીય વાતાવરણમાં તાજેતરમાં ઠાકોર-કોળી સમાજના પ્રતિનિધિત્વને લઈને નવો વિવાદ ઉભરી આવ્યો છે.આ મુદ્દાની શરૂઆત ૧૫- નવેમ્બર, ૨૦૨૫ના રોજ ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે યોજાયેલા વિશાળ ક્ષત્રિય ઠાકોર સમાજ સંમેલનથી થઈ



હતી. હજારોની સંખ્યામાં એકઠા થયેલા સમાજ સમક્ષ ઋષિ ભારતી બાપુએ ખુલ્લેઆમ જાહેર કર્યું કે, “અલ્પેશ ઠાકોરને નાયબ મુખ્યમંત્રી બનાવવામાં આવે અને ઠાકોર-કોળી સમાજને યોગ્ય પ્રતિનિધિત્વ આપવામાં આવે.” તેમણે આક્ષેપ કર્યો કે રાજ્યમાં આ સમાજની વસ્તી અને પ્રભાવને ધ્યાનમાં રાખતા પણ તેમને મહત્વના પદો પર પૂરતું સ્થાન નથી મળતું. ઠાકોર-કોળી સમાજના અનેક નેતાઓને ધારાસભ્ય, મંત્રી અને અન્ય મહત્વના પદો પર નિયુક્ત કરવામાં આવ્યા છે.


naari HOSPITAL હોસ્પિટલ

આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે

| | |
|---|---|
| મેડીકલ ઓફીસર (BHMS / BAMS) | દિવસ માટે - ૨ (લેડીઝ) |
| | રાત્રી માટે - ૧ (જેન્ટસ/લેડીઝ) |
| નર્સિંગ સ્ટાફ (GNM/ANM) | દિવસ માટે - ૪ (લેડીઝ) |
| | રાત્રી માટે - ૪ (લેડીઝ) |
| નર્સિંગ આસિસ્ટંટ (લેડીઝ) | દિવસ માટે - ૨ |
| | રાત્રી માટે - ૨ |

આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું

naari HOSPITAL હોસ્પિટલ જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com







